Permitted to Post at PSO-AHD : On every Tuesday
Post Reg. No. GAMC-1438/2010-2012 Valid upto 31st December, 2012
છૂટક કિંમત : રૂપિયા ૧૦ ◆ પાના : ૦૮
Reg. under RNI No. GUJGUJ/2003/16248

સ્ટોક માર્કેટ અને આધુનિક આર્થિક પ્રવાહોની સચોટ માહિતી પ્રતિબિંબિત કરતું સફળ ગુજરાતી સાપ્તાહિક

# ધી ઇકોનોમિક રેવલ્યુશન

## THE ECONOMIC REVOLUTION

Web site : www.theeconomicrevolution.com
Email : theeconomicrevolution@yahoo.co.in
Everythings that's on Money !!!

● વર્ષ : ૮ ● અંક : ૪૧ ● તા. ૦૪.૧૦.૨૦૧૧ થી ૧૦.૧૦.૨૦૧૧ ● આસો સુદ ૦૮ થી આસો સુદ ૧૪ ● સં. ૨૦૬૭ ● તંત્રી : નરેન્દ્ર જોષી ●
● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

# ક્યારે નહિ પરંતુ કઈ રીતે બજારો બોટમ આઉટ થશે તે યક્ષ પ્રશ્ન

નમસ્કાર મિત્રો,

વીતેલા સપ્તાહ દરમિયાન કટારિયા બજારો અગાઉના સપ્તાહમાં આપેલા તીવ્ર ઘટાડામાં થી રીકવર થવા માં મહદઅંશે સફળ રહ્યા હતા. જેને પગલે બીએસઈનો સેન્સેક્સ ૧૬૫૦૦ અને એન એસ ઈ નો નિફ્ટી આંક ૪૯૫૦ નજીક બંધ રહ્યા હતા. બજારો મુખ્યત્વે અમેરિકામાં જાહેર થયેલા અને વિકાસના આંકડાઓ તેમજ યુરોપિયન દેવા સમસ્યા ના ઘટનાક્રમને અનુલક્ષીને વધઘટ થવા પામ્યા હતા. જેમાં વધુમાં છેલ્લા બે સપ્તાહની અમેરિકા યુરોપ અને ભારતીય બજારોની ટેકનીકલ ઓવરસોલ્ડ પરિસ્થિતિ પણ બજારોને ખરીદદાર ના હોવા છતાં વધુ ઘટવાથી રોકવા માટેનું પરીબળ બની રહી હતી. યુરોપમાં જર્મની ની સંસદ દ્વારા યુરોપ બેલ આઉટ ફંડ ની ભંડોળ મર્યાદા વધારવાની સહમતી પસાર કરી નાખવા પર બજારોની નજર હતી કે જે પાસ કરી નાખવામાં આવી હતી. જો કે વિશ્લેષકો ના માટે આ બીના આમેય બજારોમાં ડીસ્કાઉન્ટ થઈ ગઈ છે. બીજી બાજુ અમેરિકામાં બીજા ત્રિમાસિક જીડીપી વિકાસના આંકડાઓને ઉપર તરફ સુધારીને અંદાજ આપવાને કારણે ત્યાં આગળ અર્થતંત્ર મંદીમાં (નકારાત્મક વિકાસ દર)માં સરકી જવાની જે ભીતિ હતી તેમાંથી બજારોને રાહત મળી ગઈ હતી અને ત્યાં આગળ ડાઉ જોન્સ ઈન્ડેકસ કે જે ઘટાડામાં ૧૦૭૦૦ સુધી સરકી ગયો હતો તે ૧૧૪૦૦ સુધી રીકવર થયો હતો. જો કે ભારતીય બજારો બંધ થયા બાદ અમેરિકા માં ૯ વાગ્યે (ભારતમાં શુક્રવારના સાંજના ૭ વાગ્યે) અમેરિકન બજારો ખુલ્યા ત્યારે ૨.૫ ટકા માયનસમાં બંધ રહ્યા હતા. આમ ડાઉ જોન્સ ઈન્ડેક્સ ૧૦૯૦૦ બંધ રહ્યો હતો. વધુમાં આ મહીને છેલ્લા ત્રણ મહિના ઉપરાંત થી જે મંથલી ચાર્ટ પરથી નિફ્ટી આંક કઈ સપાટી પર માસીક ધોરણે બંધ રહેશે. તેનું કાસ્ટીંગ કરી રહ્યા હતા. તે આ મહીને પેટર્ન તૂટી ગઈ છે કારણ કે આ પેટર્ન ચાલુ રહેવા માટે નિફ્ટી આંકે ૫૧૧૦ ઉપર બંધ રહેવું જરૂરી હતું. જો કે નિફ્ટી આંક ૫૦૦૦ ઉપર જઈને ૪૯૫૦ નજીક બંધ રહ્યો હતો. બીજી બાજુ ઘર આંગણે ટુજી સ્પેક્ટ્રમ કાંડમાં ગૃહમંત્રી અને વિત્તમંત્રી વચ્ચેના ગજ ગ્રહ અને અનીલ અંબાણી ગ્રુપ પર વધતી તવાઈને પગલે તેમજ આપણે ખાણ અને ખાણની કંપનીઓ ના શેરોથી

(અનુસંધાન ૭ પાને)

**જો ડીકપલીંગ એક ભ્રમણાના અને અશક્ય બીના છે તો ભારત જેવા બજારો માટે હજુ ૧૦ ટકા કરેકશનની શક્યતા**

### શેરબજારની સમિક્ષા



દિપક અમીન
મો. ૯૩૭૭૦૦૮૭૦૮
www.DeepakAmin.Info

**પુર અથવા ભૂકંપ આવે તો ઘરવખરીમાં કૈંકને કૈંક તો બચીજાય છે પરંતુ આગ લાગે ત્યારે સિમેન્ટ કોન્ક્રીટ અને લોખંડ પણ બળી જાય છે તેમ બજારોમાં તીવ્ર વાવાઝોડામાં એફ એમ.સીજી કે ફાર્મા જેવા કહેવાતા ડીફેન્સીવ શેરોમાં પણ ધોવાણ આવશે.**

- **ઓક્ટોબર મહિનામાં બજાર નબળું રહે**
- **સફર સફળતાની ટોચ સુધી - શ્રી સુમન જૈનના શબ્દોમાં**
- **બ્રેકડાઉન પહેલાંની ટ્રેડીંગ રેન્જ ૪૮૦૦ થી ૫૦૦૦**
- **છેલ્લી ઈનગલ્ફીંગ ટોચ**
- **કોર્પોરેટજાતમાં પણ માયનોરીટી શેરહોલ્ડરો સાથે યુઝ એન્ડથ્રોની નીતિ અપનાવતા પ્રમોટરો**
- **આવનાર સપ્તાહે ટેક્ષટાઈલ્સ, ચર્મ અને ઓટો ક્ષેત્ર સારો જયોતિષિય સહયોગ મેળવશે**

# હજુવધુ વેચવાલી આવશે, આ તો માત્ર શરુઆત છે તમારી ટૂંકાગાળાની શોર્ટ પોઝીશનમાંથી નિકળવા માટે પુલબેકનો ઉપયોગ કરો

## તા. ૦૩ ઓકટોબર, ૨૦૧૧ થી ૦૭ ઓકટોબર, ૨૦૧૧

### બજારનું સાપ્તાહિક વિહંગાવલોકન :

એવા હકારાત્મક સમાચાર આવેલ છે કે ફાઈનાન્સ મિનીસ્ટ્રી ઈક્વીટી માર્કેટ ટ્રાન્ઝેકશન પરની એસ ટી ટી અને સ્ટેમ્પ ડ્યુટીમાં કપાત કરશે. જો તે સાચું બને તો તે બજારને મદદરૂપ થાય. ચોમાસું પણ હકારાત્મક રહ્યું, જે કારણે ગ્રામ્ય વિસ્તારોને થોડી વધુ આવક પણ મળી. આ બે બાબતો સિવાય આપણી પાસે સ્થાનિક ધોરણે હવે કોઈ બીજા મહત્વના હકારાત્મક સમાચારો નથી.

૨જી કૌભાંડના પ્રશ્નએ હવે તેનો મૂળ ચહેરો રાજકીય અને ઔદ્યોગિક માધાંતાઓને દર્શાવવાનું શરુ કરેલ છે, જેને રાજકીય મોરચે મોટો આંચકો આપેલ છે. બીજા ત્રિમાસિક ગાળાના નીચા એડવાન્સ ટેક્ષના આંકડા બીજા ત્રિમાસિક ગાળાનાં નબળાં પરિણામોના સંકેત આપે છે, જે ઉંચા ફૂગાવાના દર અને ઉંચા વ્યાજદરને કારણે દોરવાઈ રહેલ છે. એફ આઈ આઈના આંકડા બજારમાં ભયનો ઘંટ વગાડી રહેલ છે,તેઓએ આપણાં બજારોમાંથી પૈસા પરત ખેંચવાનું ચાલુ જ રાખેલ છે.

વૈશ્વિક આર્થિક કટોકટી પણ હવે પ્રસરી રહેલ છે. ગ્રીસ, ઈટાલી સાથે યુ.કે., યુ. એસ અને ફ્રાન્સ પણ હવે ડેન્જર ઝોનમાં આવી ગયેલ છે. તેમની તાજેતરમાં જ આપવામાં આવેલ રાહત પેકેજની ઓફર માત્ર તેમને હાલ ટાઈમ પુરતી જ રાહત આપી શકે તેમ છે. પરંતુ તે લાંબા ગાળે ઉપયોગી થઈ શકે તેમ નથી.

તેથી એ સ્પષ્ટ સંકેત આપે છે કે બજારમાં બીજો ઘટાડો જોવા મળશે. આથી ટૂંકા ગાળા માટેની ખરીદીમાંથી દૂર રહેવું સારૂં રહેશે. આ સાથે ઉછાળાનો ઉપયોગ તમારી લોંગ પોઝીશનમાંથી બહાર નિકળવા માટે કરો. જો કોઈ હકારાત્મક આશ્ચર્ય સર્જાય, તો તે ટૂંકા ગાળા માટે જ હશે.

**ટેકનીકલી** આપણે બજારમાં કરેકશન જોઈ શકીશું. જો નિફ્ટી સ્પોટ ૪૮૮૩ની સપાટી નીચે જળવાઈ રહે અને ૪૭૧૯ નીચેનો કોઈ પણ બંધ આપે તો નવી લાંબા ગાળાની મંદીની રૂખને અનુમોદન આપશે.

**સેન્સેક્ષ ૧૬૧૬૨**

**ટેકનીકલ દ્રષ્ટિકોણ (તા. ૦૩ ઓકટોબર, ૨૦૧૧ થી ૦૭ ઓકટોબર, ૨૦૧૧)**

આ સપ્તાહે ૧૬૭૫૪ અને ૧૬૨૩૯ અગત્યની સપાટીઓ તરીકે કાર્ય કરશે, આગામી સપ્તાહે જો સેન્સેક્ષ ૧૧૬૭૫૪ ઉપર ટકી રહે અથવા તો ૧૬૨૩૯ નીચે ટકી રહે તો તે મુજબ બજારની આગામી રુખ નક્કી થશે.

**ટેકાની સપાટી :** ૬૨૩૯, ૧૫૯૫૮, ૧૫૮૪૩ અને ૧૫૭૧૪

**પ્રતિકારક સપાટી :** ૧૬૫૮૧, ૧૬૭૫૪, ૧૬૯૪૧ અને ૧૭૦૮૮

**તા. ૦૩ ઓકટોબર, ૨૦૧૧ ના રોજ સેન્સેક્ષની પરિસ્થિતિ**

આજે, જો સેન્સેક્ષ ૧૬૪૯૧ થી ઉપરની સ્થિતિ જાળવી રાખશે તો ઉપર તરફનો લક્ષાંક ૧૬૬૮૨-૧૬૭૫૪ રહેશે. નહીંતર તે ૧૬૧૫૫-૧૬૧૧૦ ની સપાટી સુધી નીચે તરફ સરકી શકે.

**ટેકાની સપાટી :** ૧૬૩૨૬, ૧૬૨૩૯, ૧૬૧૫૫ અને ૧૬૧૧૦

**પ્રતિકારક સપાટી :** ૧૬૪૯૧, ૧૬૫૮૧, ૧૬૬૮૨ અને ૧૬૭૫૪

**નિફ્ટી ૪૯૪૩**

**ટેકનીકલ દ્રષ્ટિકોણ (તા. ૦૩ ઓકટોબર, ૨૦૧૧ થી ૦૭ ઓકટોબર, ૨૦૧૧)**

આ સપ્તાહે ૫૦૩૪ અને ૪૮૮૩ ની સપાટી અગત્યની રહેશે. જો નિફ્ટી ૫૦૩૪ ઉપર અથવા તો ૪૮૮૩ નીચે ટકી રહે તો તે આગામી બજાર માટેની રુખ નક્કી કરશે.

**ટેકાની સપાટી -** ૪૮૮૩, ૪૮૦૬, ૪૭૫૮ અને ૪૭૧૯

**પ્રતિકારક સપાટી -** ૪૯૮૨, ૫૦૩૪, ૫૦૯૧ અને ૫૧૩૫

**તા. તા. ૦૩ ઓકટોબર ૨૦૧૧ ના રોજ નિફ્ટીની પરિસ્થિતિ**

આજે, જો નિફ્ટી ૪૯૫૫ ની સપાટી જાળવી શકે તો પછી તેનો ઉપર તરફનો લક્ષાંક ૫૦૧૩-૫૦૩૪ દર્શાવી

(અનુસંધાન ૪ પાને)

### બાય એન્ડ સેલ

રમેશચંદ્ર
મો. ૯૮૯૪૦૪૩૦૯૦
E-Mail:
buysell_india@yahoo.com,
buysell_stocktips@yahoo.com

# એક વૈશ્વિક બ્રેકડાઉન

**નિફ્ટી ૪૯૪૩**

કેટલાક સપ્તાહ પછી, સોમવારે ઉધડતા બજારે નિફ્ટીએ તિવ્ર બાઉન્સબેક દર્શાવ્યું. આ વૃધ્ધી ખાસ કરીને શોર્ટ કવરીંગ અને ફ્યુચર પોઝીશનના રોલ ઓવરને કારણે હતી. જર્મનીએ ગ્રીસના આર્થિક રાહત પેકેજ માટે ટેકો આપ્યો તે કારણે વૈશ્વિક બજારોએ પણ હકારાત્મક પ્રેરણા આપી.

જો કે નિફ્ટીમાં આ તિવ્ર રેલી છતાં બે ગેપ ડાઉન, ૫૩૫૦ અને ૫૧૧૫ની સપાટીએ હાલ પડતર છે. હજુ પણ તે તેની બધીજ મુવીંગ એવરેજ નીચે બંધ આપી રહેલ છે, જે આવનાર દિવસો માટે ખૂબ મંદીમય સંકેતો છે. આવનાર સપ્તાહે નિફ્ટીએ ૫૦૭૫ / ૫૧૭૫ની સપાટી મેળવવા માટે ૪૯૭૫ની સપાટી જાળવી રાખવી અનિવાર્ય છે, જેથી નીચેની સપાટી દર્શાવે તો નિફ્ટીમાં ફરી એક વાર ભારે વેચવાલી જોવા મળે.

**આ સપ્તાહની ટેકાની સપાટી**

**૪૯૦૦ / ૪૮૩૫ / ૪૭૫૦**

**આ સપ્તાહની પ્રતિકારક સપાટી**

**૫૦૧૫ / ૫૦૯૦ / ૫૧૫૯**

**આ સપ્તાહે ખરીદ કરવા જેવા શેર**

### ટીનપ્લેટ (રૂ.૪૬) ખરીદો

ટીન પ્લેટ તે ટાટાની કંપની છે કે જેમાં પ્રમોટર્સનો હિસ્સો ૪૫ ટકા છે અને આ કંપની ભારતની સૌથી મોટી ટીન કોટેડ અને ટીન ફ્રીસ્ટીલનું ઉત્પાદન કરતી ભારતીય કંપની છે કે જે પેકેજીંગ ઉદ્યોગમાં બજારનો ૫૦ ટકા હિસ્સો ધરાવે છે, અને વાર્ષિક ૨૦ ટકાના દરે વિકાસ કરી રહેલ છે. આ કંપનીએ કોલ્ડ રોલ્ડ સ્ટીલની ઉત્પાદન ક્ષમતામાં પણ વૃધ્ધિ કરેલ છે, જેના કારણે છેલ્લા બે વર્ષમાં તેમનો વાર્ષિક વિકાસ વધીને ૩૫ ટકા જેટલો થયેલ છે, જયારે તેમનું દેવું ઈકવીટીના ૦.૮૦ ના ગુણાંકમાં જ છે. ટેકનોલોજી અપગ્રેડેશન માટે તેઓ કોરસ યુરોપનો સહયોગ લે છે.

રોકાણકારો રૂ. ૧૧૦ ના લક્ષાંકથી ઘટાડે આ શેર ખરીદી શકે જયારે વ્યાપારીઓ આ શેર રૂ. ૫૦ ના સ્ટોપલોસથી ખરીદી શકે, સ્ટોપલોસ રૂ. ૪૪

### ટુ ધી પોઈન્ટ



દિનેશ સી. નાગપાલ
૯૮૩૦૦૩૯૦૮૫
bluechips4u@gmail.com

### ડી એલ એફ (૨૨૧) વેચો

દૈનિક ચાર્ટ પર આ શેર રાઈઝીંગ ચેનલ સાથે ટ્રેડ થઈ રહેલ છે અને અને ચેનલના .ઉપરના છેડેથી વેચાણ થઈ રહેલ છે. ડેરિવેટિવ્સ ડેટા નવી તાજી શોર્ટ પોઝીશન દર્શાવે છે. આ શેર રૂ. ૨૧૨ ના લક્ષાંકથી વેચો, સ્ટોપલોસ રૂ. ૨૨૬ રાખો.

### આઈ ટી સી (૧૯૮) વેચો

દૈનિક ચાર્ટ મુજબ આ શેર તેની ઉપરની ટ્રેન્ડ લાઈન ઉપર ટ્રેડ થવામાં મુશ્કેલી અનુભવી રહેલ છે. ડેરિવેટિવ્સ ડેટા લોંગ પોઝીશન હળવી થઈ રહી હોય તેમ દર્શાવે છે. આ શેર રૂ. ૧૯૦ ના લક્ષાંકથી વેચો, સ્ટોપલોસ રૂ. ૨૦૩ રાખો.

## ઘટાડે રોકાણ યોગ્ય ડિલેવરીબેઈઝ સ્મોલકેપ સ્ક્રીપ્ટો...રોકાણ માટે આકર્ષક....

**(૧) વિનાયલ કેમ** (૫૨૪૧૨૯) (૯૩૦) :- નજીકમાં જ ૧૨ થી ૧૪ **(૨) ટીવીએસ મોર્ટસ** (૫૩૨૩૪૩) (૬૧) :- નજીકમાં જ ૬૪ થી ૬૮ **(૩) એસ.આર.એફ** (૫૦૩૮૦૬) (૩૧૦) : નજીકમાં ૩૨૦ થી ૩૩૩ **(૪) રામ માઈકા** (૫૧૫૧૨૭) (૧૦.૧૩) :- નજીકમાં જ ૧૨ થી ૧૪ **(૫) લોઈડ મેટલ** (૫૧૨૪૫૫) (૨૪.૯૦) :- નજીકમાં જ ૨૮ થી ૩૨ **(૬) કેસીપી** (૫૯૦૦૬૬) (૨૫.૧૦) :- નજીકમાં જ ૨૮થી ૩૨ **(૭) ઈન્ડસ કીલલા** (૫૩૨૮૨૧) (૧૫.૨૦) :- નજીકમાં જ ૧૮ થી ૨૧ **(૮) ગુજરાત સીધ્ધી** (૫૧૮૦૨૯) (૮.૮૧) : નજીકમાં જ ૧૦ થી ૧૨ **(૯) એકસ્પો ગેસ** (૫૨૬૬૧૪) (૧૦.૯૦) :- નજીકમાં જ ૧૪ થી ૧૭ **(૧૦) એપ્ટેક** (૫૩૨૪૭૫) (૧૧૫.૮૦) :- નજીકમાં જ ૧૧૯ થી ૧૨૩ **(૧૧) પ્રાજ** (૫૨૨૨૦૫) (૭૦.૬૦) :- નજીકમાં ૭૫ થી ૮૨ **(૧૨) બોમ્બો ડાઈંગ** (૫૦૦૦૨૦) (૩૬૭.૮૫) : નજીકમાં જ ૩૮૭ થી ૪૦૧ **(૧૩) કેવલ**

(અનુસંધાન ૬ પાને)

### હોટ કેક



પારસ ઘેલાણી
મો. ૯૦૯૯૦૧૦૮૨૭
ghelani.paras@gmail.com
parasghelani@rediffmail.com
http://letusgrowtogether111.blogspot.com

# ૦૩ ઓક્ટોબર, ૨૦૧૧ થી ૦૭ ઓક્ટોબર, ૨૦૧૧ સુધી બજારનો રિવ્યૂ

**નિફ્ટી (૫૦૮૪)**

**સેન્સેક્ષ (૧૬૯૩૪)**

**તા. ૧.૧૦.૨૦૧૧**

અમોએ જણાવેલ કે 'ટેકનીકલી બજાર હજુ નિમ્નમૂખિ છે અને હવે આપણે એફ એન્ડ ઓ એક્ષપાયરી સપ્તાહમાં પ્રવેશી રહેલ છે. આપણે રોલઓવરને કારણે ચંચળતા નિહાળી, પરંતુ માળખાકીય રીતે બજાર નબળું છે અને હવે હમણાંની જ નીચી સપાટી ૪૭૨૦ ને સ્પર્શી શકે અને ઉપર તરફ ૫૦૦૦ની કઠીન પ્રતિકારક સપાટી છે.

બજાર ગત સપ્તાહે અપેક્ષા મુજબ જ નબળું રહ્યું અને ૪૭૦૦ના ઝોનમાં નીચે તરફ બંધ આપ્યો અને એન એન્ડ ઓ એક્ષપાયરીના કારણે ૫૦૦૦ નજીક પ્રતિકારક સપાટી મેળવી અને સપ્તાહને અંતે ફાયદામાં બંધ રહ્યો.

ટેકનીકલી બજાર દીશાવિહિન વિશિષ્ઠ સાઈડવે ઝોનમાં છે. તે નીચે તરફ ૪૮૦૦ ની સપાટી સુધી સરકી શકે તેવી શકયતાઓ છે, કારણ કે ૫૦૩૭ એ કઠીન પ્રતિકારક સપાટી છે અને જો ૫૦૩૭ ની સપાટી ઉપર બ્રેકઆઉટ આપે તો બજાર ઉપર તરફ ૫૧૫૩-૫૨૦૮નો ગાળો દર્શાવી શકે પરંતુ શું આમ બની શકશે ? તે એક મોટો પ્રશ્ન છે.

ટ્રેડીંગના વ્યૂહની દ્રષ્ટિએ હું ૫૦૩૭ ની સપાટી ઉપર નજર રાખું અને તે નીચે શોર્ટ કરૂં

### બજારનો રિવ્યૂ



પ્રકાશ ગાબા
મો. ૯૩૨૨૨૧૦૯૦૭
prakashgaba@hotmail.com
http://www.prakashgaba.com

# નિફ્ટીમાં ૪૮૨૭ તોડતાં મોટો ઘટાડો આવે

શરદ કોટક

# છેતરામણી ચંચળ ચાલે પીછેહઠ થાશે ?

## એસ્ટ્રો ગાઈડ




કીર્તિકુમાર બી.શાહ

મો. ૯૪૨૮૧૯૨૬૫૯


**સેન્સેક્સ ઊંચકાશે ?**
**વિશ્વમાં ડામાડોળતા**

ગ્રહોની આકાશિય સ્થિત જોતાં ભારત સહિત વિશ્વના અનેક દેશો માટે આગામી છ મહિના અગ્નિપરીક્ષાના બની રહેશે. અરાજકતા અને અંધાધૂધી રાજકિય અસ્થિરતા રહેશે. આર્થિક કટોકટી કેડો નહી મુકે. આતંકવાદી ગતિવિધિ વધુ તેજ બનશે. ભારતનું રાજકારણ સત્તા માટની ખેંચતાણનો અખાડો બની જાય મોટા ગજાના નેતાએ પદત્યાગ કરવો પડે કે અચાનક નિધન થાય. મોંઘવારીને નાથવા માટે કોઈ નક્કર પગલાં લેવાય નહીં.

રિઝર્વ બેંક રેપોરેટ વધાર્રે જવાથી ઉલટાની મોંઘવારી વધારે ભડકતી હોય તેવું શું નથી લાગતું ? પેટ્રોલ ડિઝલ પરના સરકાર પોતાના ટેક્ષ (ડયુટીમાં) ઘટાડો કરી પેટ્રોલ-ડિઝલના ભાવ ઘટાડે તો આપોઆપ મોંઘવારી ઘટી જાય. અત્યંત જીવન જરૂરી ચીજવસ્તુઓનો વાયદા વેપાર બંધ કરાય તો પણ મોંઘવારી ઘટે.

આ વાત માત્ર એટલા માટે લખી છે કે મોંઘવારીમાં પીસાતો આમ આદમી નાણાં વગર શેરબજારમાં મૂડી રોકાણ કે ટ્રેડિંગ કઈ રીતે કરી શકશે. ?

**ચંચળ ચાલ છેતરે :** તા. ૨૮મી સપ્ટેમ્બરે શનિનો પશ્ચિમમાં અસ્ત થયો છે શેર બજારમાં હવે ચંચળતા વધશે. તેજી-મંદીના ચકરાવામાં આવેલા સુધારો ધોવાતો રહેશે. ઓઈલ પેટ્રોલિયમ કંપનીઓ, સિમેન્ટ સ્ટ્રકચર કંપનીઓ, કોલસા કંપનીઓના શેરો પર બહુ મદાર રાખી શકાય નહીં. આ સપ્તાહે સેન્સેક્સ અને નિફ્ટીમાં થોડી પીછેહઠ એકંદરે જોવા મળે તેવા ગ્રહયોગો છે માટે વાસ્તવિક બજાર ચાલ જોઈને, સમજીને યોગ્ય નિર્ણયો લેવા હિતાવહ છે.

**ટ્રેડીંગ સંભાવના :**

**- અચાનક આવી પડતી તેજી-મંદીને ખ્યાલમાં રાખીને જ ટ્રેડિંગ માટેના નિર્ણયો પોતે જ લેવા**

એચ.પી.સી.એલ., એચ.ડી.એફ.સી., તાતા કોમ્યુનિકેશન, તાતા પાવર, ટી.વી.-૧૮, આયોન એક્ષચેન્જ, ટી.સી.એસ, મારૂતિ, શ્રી.એમ. ઈન્ડિયા, કાવેરી સીડ્સ, ગુજરાત આલ્કલી, મુથોત ફાઈનાન્સ, ડિવિઝ લેબ કેડિલા હેલ્થકેર, ટિસ્કો, હોટલ લીલા, ગીતાંજલિ, એબીજી શિપયાર્ડ, જેએસ ડબલ્યુ સ્ટીલ, એન.એમ.ડી.સી., ઈન્ડિયા સીમેન્ટ, બિહાર ટયુબ, કલકત્તા ઈલે., ભારત શિપ્સ, સદ્ભાવ એન્જી, ચંબલ ફર્ટિ, ફિનોલેકસ ઈન્ડ.

**ફયુચર ટ્રેડીંગ :** ગેઈલ, ઈન્ફોસિસ, ટી.વી.એસ મોટર, બાયોકોન, રેણુકા સુગર, એકસીસ બેંક, એમ.એન્ડ એમ., સેન્ચુરી ટેક્ષટાઈલ, બાટા

**હાઈ રિસ્ક - હાઈ પ્રોફીટ :** વિપ્રો, પટ્ટણી કોમ્પ્યુટર, જે.બી. કેમિકલ, ગોદરેજ ઈન્ડ., આઈડિયા, બજાજ ઓટો, હિંદ ટીન વર્કસ, પી.એફ.સી, હિમાદ્રી કેમીકલ, પી.એન.બી, આઈ.ટી.સી, ટવેન્ટી માઈક્રો

**ડાર્ક હોર્સ :** સન ફાર્મા, એપોલો

અનુંસધાન - ૩ પાને

# વિવિધ કોમોડીટીઝમાં આગામી સમયમાં ઘટાડો આગળ વધશે

ગયા સપ્તાહમાં સોનાના ભાવ ૧૫૫૦ ડોલરના સર્પોટ થી અટકી ગયા અને સામાન્ય વધારો જોવા મળ્યો, તેમજ ચાંદીમાં સપ્તાહ ની શરૂઆતમાં આંતર રાષ્ટ્રીય ચાંદી ૨૬ ડોલર સુધી પહોંચ્યા બાદ નીચેથી ઝડપ થી વધારો જોવા મળ્યો અને ભાવ ફરીથી વધીને ૩૩.૫૦ ડોલર ઉપર પહોંચી ગયા જ્યાંથી ફરી ઘટાડો જોવા મળ્યો, અને સપ્તાહ દરમિયાન આમ ઘટીને વધી બાદ ફરી ઘટી અને મોટી અફડાતફડી ચાંદીમાં જોવા મળી સાથે હાજર બજારમાં ચાંદીમાં પ્રીમીયમમાં ૧૦૦૦ થી ૧૫૦૦ રૂપિયામાં બુકિંગના સોદા થતા હતા. ભાવ એમ સી એક્ષમાં ઘટીને એક સમયે ૪૬૦૦૦ આસપાસ પહોંચી ગયા હતા પણ નીચેથી તરત જ પાછા ભાવ ઉચકી ગયા અને બહુ સમય નીચે ટક્યા નહિ, જો કે ઉપરથી પાછા ભાવમાં દબાણ પણ રહ્યું હતું, આગામી સમયમાં હવે ચાંદીમાં ધીમો ઘટાડો જોવા મળી શકે, સોનામાં જો ૧૫૪૦ ડોલરની નીચે બંધ આપે તો સોનામાં મંદીની સમભાવના છે, જે આગામી સમય ૧૨૦૦ ડોલર તરફ જોવા મળી શકે અને વધુ પણ ઘટતા ૧૦૮૫ ડોલર સુધી પણ જોવા મળી શકે. એનર્જી અને મેટલમાં પણ આગામી સમયમાં ઘટાડા તરફી રુખ જોવા મળે.

**ક્રુડનો ક્યાસ :**

## હોટ કોમોડીટીઝ




પ્રતિક સોની

મો. ૯૫૧૦૮૫૦૨૮૮


આંતર રાષ્ટ્રીય ક્રુડમાં ૭૫.૬૨ ડોલરથી ઘટતા નીચે માં ૭૦.૮૦ ડોલર જોવા મળે, ઉપરમાં ૮૨.૫૦ ડોલરનું રેસીસ્ટન્સ લેવલ છે. ક્રુડમાં રુખ ઘટાડા તરફી છે ઉપર થી વેચાણ તરફી ધ્યાન અપાય, એમ સીએક્ષ ક્રુડ માં ૩૮૪૮થી ૩૮૦૮ ધ્યાનમાં જો તેની નીચે બંધ આપે તો આગામી સમયમાં ઘટતા નીચે ૩૬૫૫ સુધી જોવા મળે હાલ ઉપરથી વેચાણમાં રહેવાય જ્યાં ૪૦૨૫ પ્રતિકારક સપાટી જણાય.

**સોનાની સ્ટ્રેટજી :**

આંતર રાષ્ટ્રીય સોનામાં ૧૬૫૦ ડોલર નજીકમાં અને ૧૬૭૭ ડોલરનું રેસીસ્તંભ લેવલ છે, સોનામાં નીચે ઘટતા ૧૫૬૨ ડોલર જોવા મળે જ્યાં ૧૫૪૦ ડોલર પર ધ્યાન આપવું જરૂરી છે અને જો તેની નીચે બંધ આપે તો સોનું ટ્રેન્ડ બદલાઈ જાય અને મંદી તરફી થઈ જાય અને મધ્યમગાળામાં સોનામાં ઘટાડાનો દોર ચાલુ થાય જે પ્રથમ ૧૨૮૦ ડોલર સુધી અને ૧૨૬૫ ડોલર નીચે જતા ૧૦૮૫ ડોલર સુધી જોવા મળી શકે, પરંતુ હાલ પુરતું ૧૪૪૦ ડોલર થી ૧૬૫૦ ડોલરની રેંજ ધ્યાનમાં લેવી અને ઉપરથી વેચાણ તરફી રુખમાં રહેવું. એમ.સી.એક્ષ સોનામાં નવા વાયદામાં ૨૬૭૭૭ ની પ્રતિકારક સપાટી છે જ્યાંથી વેચાણ તરફી રુખમાં નીચે ફરીથી ૨૫૭૮૦ અને વધુમાં ૨૫૨૩૦ જોવા મળી શકે જ્યાં ૨૫૦૦૦ આસપાસ સપોર્ટ છે જે ધ્યાનમાં લેવો તેની નીચે બંધ આપે તો આગામી સમયમાં ઘટી ને ૨૨૫૦૦ માટે જગ્યા થાય.

**ચાંદીની ચાલ :**

આંતર રાષ્ટ્રીય ચાંદીમાં ફરીથી ૨૬ ડોલર તરફી જતી જોવા મળે જ્યાં ઉપરમાં ૩૩.૫૦ ડોલર રેસીસ્ટન્સ લેવલ છે, ઉપરથી વેચાણ તરફી રુખમાં રહેવાય અને જો ૨૬ ડોલર તોડે અને નીચે બંધ આપે તો વધુ ઘટાડો જવો મળી શકે, એમ સીએક્ષ ચાંદીમાં ૫૦૨૦૦ થી ઘટતા ૪૮૫૦૦ થી ૪૭૪૦૦ ટાર્ગેટ જણાય જ્યાં નીચેમાં ૪૬૬૦૦ હાલ પુરતું સર્પોટ તરીકે જોવા મળી શકે. ઉપર માં ૫૩૭૦૦ પ્રતિકારક બની રહેશે.

# ચાંદીમાં ૫૦૧૮૮ અને સોનામાં ૨૫૬૮૦ ઉપર તેજી તરફી રૂખ

## નિકલમાં ૮૮૪, કોપરમાં ૩૫૧ જયારે સોયાતેલમાં ૨૧૨૦ નીચે ઉછાળે વેચવાલી તરફી ચાલ

જર્મન ચાન્સેલર એન્જેલા મર્કલને ભારે બહુમતીથી થી સ્ટિમ્યુલસ પેકેજ પાસ થવાની જાહેરાત, ચાઈનાના નબળા મેન્યુફેકચરીંગ ડેટાથી ક્રુડ ની ડિમાન્ડમાં ભારે ઘટાડો થવાની દહેશત અને ડોલરની સાપ્તાહીક નરમાશ બાદ આવેલ તેજીથી નાયમેકસ ક્રુડ ઓઈલમાં ઉછાળે વેચવાલી જોવા મળેલ. છેલ્લા સપ્તાહે જણાવેલ કે નાયમેકસ ક્રુડ ઓઈલમાં ૮૩.૨૦ ડોલર નીચે વેચવાલી જોવા મળે તે મુજબ જ ૮૩.૨૦ ડોલર પાર કરતાં લક્ષાંક ૮૫.૭૭ આસપાસના લેવલો જોવા મળેલ જયારે મુખ્ય સપોર્ટ ૭૮.૨૧ તોડેલ નહી. એમસીએકસ ક્રુડ ઓઈલ માટે જણાવેલ કે ૪૦૫૧ ઉપર વધુ સુધારો જોવા મળે તે મુજબ જ ૪૦૫૧ પાર કરતાં ૪૧૩૦ સુધીનો ઉછાળો જોવા મળેલ જયારે અવરોધરૂપી સપોર્ટ ૪૦૫૧ તુટતાં ૩૯૩૦ સુધીના લેવલો જોવા મળેલ. સાપ્તાહીક ચાર્ટ ઉપર નાયમેકસ ક્રુડ ઓઈલ રાઈઝિંગ વિડથ ઈન અપટ્રેન્ડની રચના બનાવે છે જે નાયમેકસ ક્રુડ ઓઈલમાં ૮૦.૮૦ ડોલર નીચે ઉછાળે વેચવાલી ના સંકેતો આપે છે. ૮૦.૮૦ ડોલર પાર કરતાં ૮૩.૫૧ ડોલર કે તેથી ઉપરનો ઉછાળો જોવા મળી શકે છે. નજીકનો મુખ્ય સપોર્ટ ૭૮.૨૧ તુટતાં ૭૬ ડોલર સુધીના ઝડપી ભાવ જોવા મળી શકે છે. એમસીએકસ ક્રુડ ઓઈલ માટે ૩૯૭૦ નજીકનો મુખ્ય અવરોધ ગણવો. છેલ્લા સપ્તાહે જણાવેલ કે કોપરમાં રૂ ૩૭૫ નીચે જયારે નિકલમાં રૂ ૯૩૭ નીચે વેચવાલી જોવા મળે તે મુજબ જ તે જ લેવલથી કોપરમાં રૂ ૨૯ અને નિકલમાં રૂ ૬૭ નો ભારે ઘટાડો નોધાયેલ. આગામી સપ્તાહે કોપર અને નિકલમાં અનુક્રમે રૂ ૩૫૧ અને રૂ ૮૮૪ નજીકના અવરોધ છે જયારે નેચરલ ગેસ, ઝિન્ક, એલ્યુમિનીયમાં રેન્જબાઉન્ડ ચાલ જયારે લેડમાં સપોર્ટના ભાવથી તેજી તરફી ચાલ જોવા મળી શકે છે. ટ્રેડરોએ વત માન બજારની ચાલમાં ચુસ્ત સ્ટોપલોસ સાથે કામ કરવુ.

❖ **કરન્સી કોન ૨ ––** સાપ્તાહીક ચાર્ટ ઉપર ડોલર રિકેટલ ઈન ડાઉનટ્રેન્ડ ની રચના બનાવે છે જે ડોલરમાં ૪૯.૧૭ નીચે ઉછાળે વેચવાલી ના સંકેતો આપે છે. ૪૯.૧૭ ડોલર પાર કરતાં ૪૯.૪૪ સુધીનો સુધારો જોવા મળી શકે છે. મુખ્ય સપોર્ટ ૪૮.૭૯ તુટતાં ભારે વેચવાલી થકિ ૪૮.૩૦ સુધીના લેવલો જોવા મળી શકે છે. છેલ્લા સપ્તાહે જણાવેલ કે ડોલરમાં ૪૯ ઉપર જ તેજી જળવાઈ રહે પરંતુ ૪૯ તુટતાં ૪૮.૭૦ નીચેના લેવલો જોવા મળેલ જયારે મુખ્ય અવરોધ ૫૦.૦૭ પાર કરેલ નહી.

❖ **એમસીએકસ સોનુ ૫ ઓકટોમ્બર ફયુચર (૨૬૦૨૫) ––** નાયમેકસ ક્રુડ ઓઈલમાં આવેલી વેચવાલી અને ડોલરની સાપ્તાહીક નકારાત્માંક ચાલ હોવા છતાંય સોનામાં છેલ્લા સપ્તાહે મંદીરૂપી રૂખ જોવાયેલ જયાં સોનામાં ૨૬૦૦૦ નીચેના ભાવ જોવા મળેલ. છેલ્લા સપ્તાહે જણાવેલ કે સોનામાં મુખ્ય સપોર્ટ ૨૬૨૧૦ તુટતાં ૨૫૭૮૦ સુધીનો ઘટાડો જોવા મળે તે મુજબ જ ૨૬૨૧૦ તુટતાં ૨૫૭૮૦ ના લક્ષાંક ઈન્ટ્રા ડે માંજ

## કોમોડિટી કોર્નર




આશિષ નાયક

મો. ૯૭૨૨૨ ૭૫૮૦૯

rosenayak.1984@yahoo.com


સાધ્ય થયેલ જયાં રૂ ૪૩૦ ના તફાવતથી રૂ ૪૩૦૦૦ ઉપરનો નફો માત્ર એક લોટમાં ઈન્ટ્રા ડે માં નોધાયેલ. સાપ્તાહીક ચાર્ટ ઉપર એમસીએકસ સોનુ ઈન્વટ્રેન્ડ હેડ એન્ડ સોલ્ડર એસ એ રિવ સલ ઈન ડાઉન ટ્રેન્ડની રચના બનાવે છે જે સોનામાં મુખ્ય સપોર્ટ ૨૫૬૮૦ ઉપર તેજી તરફી રૂખના સંકેતો આપે છે. ૨૫૬૮૦ તુટતાં ૨૫૨૪૦ સુધીના ભાવ જોવા મળી શકે છે. મુખ્ય અવરોધ ૨૬૧૮૦ ઉપર બંધ આપતાં ૨૬૫૩૦ સુધીનો ઝડપી સુધારો જોવા મળેલ લાંબાગાળાના રોકાણકારોએ સોનામાં નાની માત્રાથી રોકાણ કરવાનો યોગ્ય સમય. કોમેકસ ખાતે સોનામાં મુખ્ય અવરોધ ૧૬૪૪ ડોલર ગણવો. છેલ્લા સપ્તાહે સ્પષ્ટ જણાવેલ કે કોમેકસ ખાતે ૧૬૯૦ ડોલર મુખ્ય અવરોધ ગણવો જે પાર કરેલ નહી અને તેની નજીકથી દરેક વખતે વેચવાલી જોવા મળેલ. ટ્રેડરો અને રોકાણકારોએ સોનામાં ચુસ્ત સ્ટોપલોસ સાથે જ વેપાર બનાવવો.

❖ **એમસીએકસ ચાંદી ૫ ડિસેમ્બર ફયુચર (૫૧૧૧૧) ––** સોનામાં આવેલ નરમાશ, મેટલ્સમાં નોધાયેલ ઉછાળે વેચવાલી અને ટ્રેડરો તરફથી બંન્ને બાજુનો વેપાર થતાં છેલ્લા સપ્તાહે ચાંદીમાં બંન્ને બાજુની ચાલ નિ ચિત તબકકામાં જોવા મળેલ. એમસીએકસ ખાતે ચાંદી ૫ ડિસેમ્બર ફયુચર રૂ ૫૦૫૦૨ આસપાસ ખુલી ઉચાંમાં ૫૫૬૦૦ સુધીના ભાવ બતાવી ૪૭૦૦૦ નીચેના નિમ્ન લેવલો પણ બતાવેલ. વત માનમાં ચાંદી રૂ ૫૧૦૦૦ આસપાસ ટ્રેડ કરી રહેલ છે. છેલ્લા સપ્તાહે જણાવેલ કે ચાંદીમાં મુખ્ય અવરોધ રૂ ૫૪૪૫૮ પાર કરતાં ૫૬૦૦૦ સુધીના ભાવ જોવા મળે તે મુજબ ૫૫૬૦૦ સુધીના ભાવ જોવા મળેલ જયારે મુખ્ય સપોર્ટ ૫૧૭૦૦ તુટતાં ૫૦૬૩૦ સુધીના લક્ષાંકો સાધ્ય કરી રૂ ૪૭૦૦૦ નીચેના ઝડપી ભાવ જોવા મળેલ. સતત ત્રણ દિવસથી ચાંદીમાં ૫૧૭૦૦ તુટતાં ૫૦૬૩૦ સુધીના ભાવ નોધાયેલ. ચાંદીમાં છેલ્લા સપ્તાહે કુલ રૂ ૭૦૦૦ ના તફાવતથી એક જ લોટમાં કામ કરનારને રૂ ૨૧૦૦૦૦ ઉપરનો નફો થયેલ. સાપ્તાહીક ચાર્ટ ઉપર એમઆઈએકસ ચાંદી ૫ ડિસેમ્બર ફયુચર ફોલીંગ વિડથ ઈન ધ બિગનીંગ ઓફ એન અપટ્રેન્ડની રચના બનાવે છે જે ચાંદીમાં રૂ ૫૦૧૮૮ ઉપર તેજી તરફી રૂખના સંકેતો આપે છે. ૫૦૧૮૮ નીચે બંધ આપતાં ૪૯૩૭૦ સુધીના ભાવ જોવા મળી શકે છે. મુખ્ય અવરોધ ૫૧૫૭૭૭ પાર કરી તેના ઉપર બંધ આપતાં ૫૨૭૮૦ કે તેથી ઉપરના ભાવ જોવા મળે. આગામી સપ્તાહે ચાંદીમાં ટ્રેડરોએ બ્રેકઆઉટલક્ષી વેપાર બનાવવો.

❖ **એનસીડીએકસ સોયાતેલ ૨૦ ઓકટોમ્બર ફયુચર (૨૦૯૦) –** એનસીડીએકસ દ્રરા ચાલુ કોન્ટ્રાકટમાં લોન્ગ પોઝિશન ઉપર ૧૦ ટકા વધુ માજિ ન લેવામાં આવશે તેવી જાહેરાત અને સ્ટોકિસ્ટો–ટ્રેડરો સતત વેચવાલથી છેલ્લા સપ્તાહે એનસીડીએકસ માં દરકે કોમોડિટીઝમાં ભારે વેચવાલી જોવા મળેલ. એનસીડીએકસ સોયાતેલ રૂ ૨૨૧૭ આસપાસ ખુલી સતત વેચવાલી થકિ રૂ ૨૦૩૦ નીચેના ભાવ જોવા મળેલ. છેલ્લા સપ્તાહે ચણામાં જણાવેલ કે રૂ ૩૬૧૦ ઉપર જ તેજી જળવાઈ રહે તે લેવલ તોડતાં અને તેની અંદર બંધ આપતાં ૩૨૦૦ નીચેનો ઘટાડો જોવા મળેલ. તે મુજબ એકસેટ ૩૬૦૯ નીચે બંધ આપતાં ભારે રૂ ૩૨૦૦ નીચેના ભાવ જોવા મળેલ. સાપ્તાહીક ચાર્ટ ઉપર એનસીડીએકસ સોયાતેલ ૨૦ ઓકટોમ્બર ફયુચર રાઈઝિંગ વિડથ ઈન ડાઉન ટ્રેન્ડની રચના બનાવે છે જે સોયાતેલમાં રૂ ૨૧૨૦ નીચે વેચવાલી ના સંકેતો આપે છે. રૂ ૨૧૨૦ પાર કરતાં રૂ ૨૧૮૦ સુધીનો સુધારો જોવા મળે. મુખ્ય સપોર્ટ ૨૦૬૦ તુટતાં વધુ ઘટાડો જોવા મળે. એનસીડીએકસ ટ્રેડરો અને સ્ટોકિસ્ટોએ ઈન્ટ્રા ડે માંજ પોઝિશન હળવી કરવી હિતાવહ.

# આ આઈપીઓમાં અરજી કરવાથી દૂર રહેવું હિતાવહ

## લીસ્ટીંગ વખતે કદાચ ઉછાળો જોવા મળે પણ તે તક ઝડપવી જોખમી જણાય છે

## નવા ઈસ્યુ

નરેન્દ્ર જોષી

## ઈન્ડો થાઈ સિકયુરીટીજ લી.

**ઈસ્યૂ ખુલવાની તા.૩૦ સપ્ટેમ્બર ૨૦૧૧ થી ૦૫ ઓકટોબર ૨૦૧૧**

| | |
|---|---|
| **ઈસ્યુનો પ્રકાર** | ૧૦૦ ટકા બુક બિલ્ટ ઈસ્યુ |
| **કુલ ઈસ્યુની સાઈઝ** | ૪,૦૦૦,૦૦૦ ઈકવીટી |
| **ઈસ્યુ દ્વારા મળનાર રકમ** | રૂ. ૨૮.૦૦ - ૩૩.૬૦ કરોડ |
| **શેરની મૂળ કિંમત** | રૂ. ૧૦ |
| **પ્રાસ્તવિક કિંમત** | રૂ. ૭૦ થી રૂ. ૮૪ |
| **ઓછામાં ઓછી અરજી** | **૮૦** (રૂ. ૬૭૨૦ ) |
| **વધારેમાં વધારે અરજી** | ૧૧૨૦ શેર (રૂ.૯૪૦૮૦ રૂ. એક લાખની મર્યાદામાં) ૨૩૨૦ શેર(રૂ. ૧૯૪૮૮૦ બે લાખ મર્યાદામાં) |
| **પ્રમોટર્સ** | શ્રી પારસમલ દોશી, શ્રી ધનપાલ દોશી |
| **કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ** | ૧૬, ચોથો માળ, દવા બજાર, આર એન ટી માર્ગ, ઈન્દોર ૪૫૨૦૦૧, ફોન : +૯૧ -૭૩૧- ૨૭૦૫૪૨૦/૨૨, ફેક્સ : +૯૧ -૭૩૧- ૨૭૦૫૪૨૩, Email: ipo@indothai.co.in, Website: http://www.indothai.co.in |
| **ઈસ્યુના રજીસ્ટ્રાર** | શેરપ્રો સર્વિસ પ્રા. લી. ૧૩ એબી સંહિતા વેરહાઉસીંગ કોમ્પ્લેક્ષ, ઓફ અંધેરી કુરલા રોડ, સાકીનાકા, અંદેરી (ઈસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૭૨, ફોન : ૯૧-૨૨-૬૭૭૨ ૦૩૦૦/૪૦૦, ફેક્સ : ૯૧-૨૨-૨૮૫૯ ૧૫૬૮, indothai.ipo@shareproservices.com, Website: http://www.shareproservices.com |
| **બુકરનીંગ લીડ મેનેજર** | કોર્પોરેટ સ્ટ્રેટેજિક એલાયન્સ લી. |
| **લીસ્ટીંગ** | બીએસઈ, એન એસ ઈ |

### ઈસ્યુ લાવવાનો હેતુ

- હાલની શાખાઓનું વિસ્તૃતિકરણ અને અપગ્રેડેશન અને નવી શાખાઓનું નેટવર્ક સ્થાપવા માટે
- મુંબઈ રીજીઓનલ ઓફીસ માટે માટે ઓફીસની જગ્યા ખરીદવા બાબત
- કોર્પોરેટ ઓફીસ માટે જગ્યા ખરીદી ઓફીસ કરવા માટે
- બ્રાન્ડની સ્થાપના અને જાહેરાત માટે
- લાંબા ગાળાની કાર્યકારી મૂડીની જરૂરિયાત સંતોષવા
- સામાન્ય કોર્પોરેટ કારણો માટે

### રેટીંગ

ક્રેડીટ રેટીંગ કંપની કેર દ્વારા આ કંપનીને ગ્રેડ ૨ ફાળવવામાં આવેલ છે, એટલે કે કેરના મંતવ્ય અનુસાર આ કંપની બીજી આજ પ્રકારની લીસ્ટેડ કંપનીઓની સરખામણીમાં સરેરાશ કરતાં નબળા ફન્ડામેન્ટલ ધરાવે છે.કેર કંપની ૫ થી ૧ ગ્રેડ આપે છે જેમાં ૫ સર્વશ્રેષ્ઠ ફન્ડામેન્ટલ અને ગ્રેડ ૧ તદ્દન નબળા ફન્ડામેન્ટલ માટે

### ઈન્ડો થાઈ સિકયુરીટીજ લી.

**કંપનીનો પરિચય**

૧૯૯૫માં સ્થપાયેલ ઈન્ડો થાઈ સિકયોરીટીજ એક ભારતસ્થિત સ્ટોક બ્રોકીંગ કંપની છે અને એન એસ ઈ, બી એસ ઈ, એમ સી એક્ષ - એસ એક્ષ અને યુ એસ ઈની સભ્ય છે. ભારતીય શેર બજાર (બી એસ ઈ અને એન એસ ઈ)માં શેર ટ્રેડીંગ, ફયુચર એન્ડ ઓપ્શન અને કરન્સી ડેરિવેટિવ્સ સેગમેન્ટ અંગેની સેવાઓ, પુરી પાડે છે. આ કંપનીનું પેરેન્ટ ગ્રુપઈન્ડો થાઈગ્રુપ છે જે ગ્રુપ હેઠળ ૧૩ ફાઈનાન્સિઅલ કંપનીઓ આવેલી છે. આ સેવાઓ, ઉપરાંત આ કંપની સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસ (ઈન્ડિયા) લી. દ્વારા ડીપોઝીટરી સેવાઓ પુરી પાડે છે. ઈન્ડો થાઈ સિકયુરીટીઝ દ્વારા બીથી ઉપલબ્ધ કરાવવામાં આવતી સેવાઓમાં મ્યુચ્યુઅલ ફંડ સર્વિસ સિસ્ટમ (એમ એફ એસ એસ) અને એન એસ ઇ તરફથી ઈન્ટરેસ્ટ રેટ ફયુચર (આર આર એફ) નો સમાવેશ થાય છે.

આ કંપનીનો તેની સેવાઓ માટેનો લક્ષાંક ભારતના વ્યક્તિગત અને નાના રોકાણકારો છે. આ કંપની તેનો ધંધો ભારતનાં ૬ રાજયોમાં ૬૦ કરતાં પણ વધારે સ્થળોએ મધ્ય પ્રદેશના ઈન્દોરથી ચલાવી રહેલ છે, જેમાં તેની ૧૪ શાખાઓનો પણ સમાવેશ થાય છે.

**જોખમી પાસું**

- આ કંપનીના આઈપીઓને કેર દ્વારા ગ્રેડ ૨ આપવામાં આવેલ છે એટલે કે કેરના મંતવ્ય અનુસાર આ કંપની બીજી આજ પ્રકારની લીસ્ટેડ કંપનીઓની સરખામણીમાં સરેરાશ કરતાં નબળા ફન્ડામેન્ટલ ધરાવે છે. આ કંપની ખૂબ નાના પાયા પર કાર્યરત છે જયારે આ ક્ષેત્ર ખૂબ જ હરિફાઈયુક્ત છે તેથી આ કંપનીનો બજારનો હિસ્સો ખૂબ જ નાનો છે અને વૈવિધ્યકરણના કારણે થતી આવકની પણ એક સીમા હોય છે. ભૌગોલિક દ્રષ્ટિએ પણ ખૂબ ઓછી શાખાઓ ધરાવતી આ કંપની શેરબજારની ચંચળતાને કારણે આ કંપનીની કમાણીમાં અચોક્કસતા પ્રવર્તે છે.
- એન એસ ઈ ફેકટ બુક મુજબ કુલ વોલ્યુમના ૪૪ ટકા તો ટોચના ૨૫ દલાલો મારફત જ થાય છે. જેમાં રાષ્ટ્રીય સ્તરના દલાલ જેવા કે કોટક સિકયુરીટીજ, રેલીગેર સિકયુરીટીજ અને આઈ આઈ એફ એલ જેવા બ્રોકરોનો સમાવેશ થાય છે. કે જેઓ રાષ્ટ્રીયસ્તરે હાજરી ધરાવતા હોય છે.
- આ કંપનીની વિસ્તૃતિકરણની યોજના સમક્ષ અનેક પડકારો છે. આ કંપનીએ તેનો દલાલીનો ધંધો વધારવા માટે શાખાઓ ખોલવાનો બહુ જ મહત્વાકાંક્ષી લક્ષાંક રાખેલ છે કે જેના માટે આ આઈપીઓ દ્વારા ફંડ એકત્રિત કરવામાં આવી રહેલ છે. આમ છતાં કંપની મજબૂત હરિફાઈને કારણે રાષ્ટ્રીય દલાલો, કે જે આખા દેશમાં પોતાનો વ્યાપ ધરાવે છે તેમની હરિફાઈના કારણે તે ધંધાકીય પડકારોનો સામનો કરી રહેલ છે. વધુમાં આ કંપની મધ્યપ્રદેશ બહાર ખાસ જાણીતી નથી અને તેથી પણ તે બીજા રાજયમાં મુશ્કેલીઓ અનુભવશે.
- મોટી કંપનીઓ જેવી કે એડલવીસ કેપિટલ, મોતીલાલ ઓસવાલ અનેએમકે ગ્લોબલમાં પણ રોકાણકારો નિરાશ થયેલ હતા. આ બીજી તેથી પણ નાની કંપની છે.

**નાણાકીય વિગતો અને મૂલ્યાંકન**

નાણાકીય વર્ષ ૨૦૧૧ ના ૯ માસમાં આ

પાના નં. ૭ પર

શેર બજારની રોજની અપડેટેડ વિગતો માટે વેબસાઈટ www. theeconomicrevolution.com જોતા રહો

# ફરી એક વાર લોકોની મુશ્કેલીમાં પોતાનું ઘર બળે તેમ યુરોપ - અમેરિકાને લીધે ભારતમાં મંદીનાં ગાબડું

ઉથલા પાથલ એટલે કે ૨ જી સ્પેક્ટ્રમ કૌભાંડમાં હાલના ગૃહ મંત્રી માનનીય પી ચિદંબરંમનું નામ નિકળતાં સપ્તાહની શરુઆતથી જ ભયંકર વેચવાલી જોવા મળી હતી. પરંતુ ગત ગુરુવારના રોજ યુરોપમાં જર્મનીએ ગ્રીસનું આર્થિક રાહત પેકેજ મંજૂર કરતાં તેમ જ કોંગ્રેસનાં અભ્યક્ષ શ્રીમતી સોનિયા ગાંધીની મધ્યસ્થતાથી પી ચિદંબરમ અને મુખરજીનો વિવાદ ઉકેલાઈ જતાં શેરબજારમાં તેજી જોવા મળી. પરંતુ, સપ્તાહના અંતે એટલે કે શુક્રવારના રોજ અનિલ અંબાણીનું નામ ૨ જી સ્પેક્ટ્રમમાં સીબીઆઈની તપાસમાં બોલાતાં અનિલ અંબાણી ગ્રુપના શેરોની વેચવાલી સાથે સમગ્ર શેરબજારમાં ભયંકર મંદી જોવા મળી, અને સપ્તાહના અંતે ફરી એક વાર મુંબઈ શેર બજાર

**સર્કિટ ૨ સર્કિટ (અપર)**



**અશ્વિન શાહ**
**મો. ૯૯૨૫૦૦૨૬૧૯**
**(કે.પી. કમાલ) મુંબઈ**
www.theeagleinvestor.co.in

આંક લગભગ ૫૦૦ પોઈન્ટના ઘટાડા સાથે ૧૬૬૮૪ પોઈન્ટ બંધ આવ્યો.

**શ્રેઈ ઈન્ડિયા લી.**
**બીએસઈ કોડ ૫૨૩૭૫૬**
**<u>હાલનો ભાવ રૂ.૩૫</u>**

ઈન્ફ્રાસ્ટ્રકચર ફાઈનાન્સના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીમાં જાણીતા બીગબુલ ટ્રેડર્સ રાકેશ ઝૂનઝૂનવાલાનો ૧.૫ ટકા હિસ્સો છે. કંપની ખૂબ જ મોટા પ્રોજેકટમાં ફાઈનાન્સ કરે છે. કપનીનો શેર આલ તેના પર સપ્તાહની નીચી સપાટીએ મળી રહેલ છે. તો આ કંપનીમાં લાંબા ગાળાના રોકાણકારીમાટે હાલના ભાવે રોકાણ કરવાની ઉમદા તક છે.

**એચ ડી આઈ એલ લી.**
**બીએસઈ કોડ ૫૩૨૮૭૩**
**<u>હાલનો ભાવ રૂ.૧૦૦</u>**

ઈન્ફ્રાસ્ટ્રકચર તેમ જ હાઉસીંગ ડેવલપમેન્ટના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીનો શેર તેની આઈ પી ઓ પ્રાઈઝ ૪૭૦ કરતાં ખૂબ જ મોટા ડીસ્કાઉન્ટમાં ઉપલબ્ધ છે. તો કંપનીનું ફન્ડામેન્ટલ જોતાં આ કંપનીમાં હાલના ભાવે રોકાણ કરવામાં ગુમાવવાના ૨ અને કમાવાના ૨૦ છે.

**પુંજ લઈડ લી.**
**બીએસઈ કોડ ૫૩૨૬૯૩**
**<u>હાલનો ભાવ રૂ.૫૬</u>**

એન્જીનીયરીંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપની મીની એલ એન્ડ ટી જેવું સ્ટેટસ ધરાવે છે. કંપની પાસે જંગી પ્રમાણમાં ઓર્ડર છે. કંપની હાલ તેની પર સપ્તાહની નીચી સપાટીની આસપાસ ઉપલબ્ધ છે. લાંબા ગાળા માટે રોકાણ કરી શકાય.

**જે પી એસોસિએટસ લી.**
**બીએસઈ કોડ ૫૩૨૫૩૨**
**<u>હાલનો ભાવ રૂ.૭૫</u>**

ખૂબ જ જુના અને જાણીતા ઔદ્યોગિક ગ્રુપ દ્વારા શરુ કરાયેલ આ કંપની પાસે કરોડો રૂપિયાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના સરકારી ઓર્ડરો છે.

**આવતા સપ્તાહમાં પ્રારંભિક ઘટાડા બાદ શેરબજારમાં પ્રત્યાઘાતી ઉછાળો જોવા**

કંપની પાસે ખૂબ જ મોટી ક્ષમતા ધરાવતો સિમેન્ટ પ્લાન્ટ પણ છે. કંપની પાસે કરોડો રૂપિયાની સંપત્તિ છે. તો આ તમામ પરિબળો જોતાં આ કંપનીમાં હાલનાભાવેર ોકાણકરવામાં ગુમાવવાના ૫ અને કમાવાના ૫૦ છે, લાંબા ગાળાનું રોકાણ હિતાવહ.

**એપ્ટેક લી.**
**બીએસઈ કોડ ૫૩૨૪૭૫**
**<u>હાલનો ભાવ રૂ.૧૧૫</u>**

શેરબજારના જાણીતા બીગબુલ ટ્રેડર્સ રાકેશ ઝૂનઝુનવાલા દ્વારા પ્રમોટ કરાયેલ આઈટી એજયુકેશનના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપની છેલ્લા થોડા દિવસથી તેજીની ચાલ દર્શાવી રહેલ છે તેમ જ છેલ્લા એક માસથી આ શેર ભારે વોલ્યુમ સાથે ટ્રેડ થઈ રહેલ છે. કંપનીમાં બે થી ત્રણ વર્ષના લાંબા ગાળાના રોકાણકાર માટે આ શેરમાં હાલના ભાવે રોકાણ કરવાની ઉત્તમ તક છે.

**શ્રેઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના શેર પોર્ટફોલિયોમાં વસાવો અને તમારા કુટુંબને બે વર્ષ પછી સિંગાપુરની સફર કરાવો**

# છેલ્લી ઈનગલ્ફીંગ ટોચ

**તા.૦૧/૧૦/૨૦૧૧**

**અનિર્ણાયક સપ્તાહ**

બજાર જેટલું બની શકે તેટલું અનિર્ણાયક રહ્યું. એક દિવસની વૃધ્ધિ બીજા દિવસે નાશ પામી અને તેથી વિરૂધ્ધ, આમ જ બનતું રહ્યું, જેના કારણે વ્યાપારીઓ ગૂંચવાયા. હાલમાં તે બેગેપ વચ્ચે સેન્ડવીચ છે. જેમ કે ઉપર તરફ બુલીશ ગેપ (નિફટી ૪૮૭૯-૪૯૦૫) જે ટેકાની સપાટી તરીકે કાર્ય કરે છે અને નીચે તરફ બેરીશ ગેપ (નિફટી ૫૦૫૯-૫૧૦૯) જે




**ફાયનાન્સિયલ જંગલનો શહેનશાહ**
**રોકાણકારોના હિત માટે સમર્પિત**

કેન્ડલસ્ટીક પેટર્ન એક બીજાને પુષ્ટી આપતી ન હતી. સાપ્તાહિક ચાર્ટ પર સેન્સેક્ષ અને નિફટી બંનેએ બુલીશ હરામી પેટર્નની રચના કરી હતી, જે એક બુલીશ રિવર્સલ રચના છે. આ રચનાને પુષ્ટીની જરુર છે અને આપણા માટે એ જરૂરી છે કે આવનાર સપ્તાહે સફેદ બોડીની કેન્ડલની રચના થાય. બીજી તરફ જોઈએ તો આપણે સોમવારથી શરુ થયેલ ઉર્ધ્વગતિનો વિચાર કરીએ તો, બુધવાર અને ગુરુવારે રચાએલ કેન્ડલ સ્ટીકની રચનાને ધ્યાનમાં લઈએ તો અહીં છેલ્લી ઈનગલ્ફીંગ ટોચની રચના થયેલ છે, જે ટોચ ઉપર બુલીશ ઈનગલ્ફીંગ રચના છે. આ મંદીમય રચના છે અને માથે તોળાઈ રહેલા ટ્રેન્ડ રિવર્સલની ચેતવણી આપેછે. આનું અનુમોદન શુક્રવારે રચાએલ કાળા રંગની કેન્ડલના સ્વરૂપમાં હતું. જયાં સુધી સાપ્તાહિક અને દૈનિક ચાર્ટ એક જ રાગ ન આલોપે ત્યાં સુધી બજારમાં ચંચળતા ચાલુ જ રહેશે તેમ કહી શકાય.

બંને ઈન્ડેક્ષો સોમવારે સેન્સેક્ષમાં ૧૫૮૦૧ અને નિફટીમાં ૪૭૫૮ની નીચી સપાટી બનાવી સપ્તાહે, બંને ઈન્ડેક્ષો સેન્સેક્ષમાં ૧૬૨૦૯-૧૬૨૮૨ અને નિફટીમાં ૪૮૭૯-૪૯૦૫ વચ્ચે ઉપરે તરફની તેજીમય ગેપ છોડીને ઉપર તરફ ગતિ કરી ગયેલ છે. જે ટેકાની સપાટી તરીકે કાર્ય કરે છે. બજારની હાલની ગતિ (એટલે કે છેલ્લા ૪ દિવસની ગતિ) આ બેગ વચ્ચે મર્યાદિત છે. બજારની ગતિ હવે કઈ તરફનું ગાબડું

**ટૂંકા ગાળાની, મધ્યમ ગાળાની અને લાંબા ગાળાની રૂખ નિમ્નમૂખી રહેવા પામેલ છે.**

પહેલાં પુરાય છે તે પર આધારિત છે.

સેન્સેક્ષ અને નિફટી બંનેએ ફરી એક વાર તેની ટૂંકાગાળાની સરાસરી ૨૦ ડી એમ એ (સેન્સેક્ષ ૧૬૬૮૮ અને નિફટી ૫૦૧૪) સાથે નખરાં કરી રહેલ હતી અને આ પછી આખરે સપ્તાહનો અંત આ નીચે આપ્યો અને તેથી ટૂંકા ગાળાની ગતિ નીચે તરફ છે. બજાર મધ્યમ ગાળાની સરાસરી ૫૦ ડી એમ એ (સેન્સેક્ષ ૧૭૦૬૨ અને નિફટી ૫૧૨૯) તેમ જ લાંબા ગાળાની સરાસરી ૨૦૦ ડી એમ એ (સેન્સેક્ષ ૧૮૩૧૭ અને નિફટી ૫૪૯૦) થી સારાં એવાં નીચી સપાટીએ છે, **પરિણામે મધ્યમ ગાળાની અને લાંબા ગાળાની રૂખ નિમ્નમૂખિ રહેવા પામેલ છે.**

**આ પુલબેક સેન્સેક્ષમાં ૧૭૧૯૧ અને નિફટીમાં ૫૧૬૮ની સપાટીએ અટકી ગયેલ હતું જે અગાઉની સપ્તાહની સપાટીથી થોડી નીચે છે કે જયાં પુલબેક સેન્સેક્ષ ૧૭૨૧૧ અને નિફટી ૫૧૬૯ની સપાટીએ થંભી ગયેલ હતું . આ સામાન્ય ટોચની પાસે જ ઘણી પ્રતિકારક શક્તિઓનો સંગમ થાય છે જેમ કે ટ્રેન્ડ લાઈન રેજીસ્ટન્સ, અને** વચગાળાના

**ગત સપ્તાહની ભલામણો પર એક નજર**

**ગત સપ્તાહે બધી જ ભલામણોએ તેમના લક્ષાંક સાધ્ય કર્યા સિવાયકે એચ ડી એફ સી, કે જે થોડા ગાળા માટે જ લક્ષાંક ચૂકી ગયો. આ સપ્તાહના સ્ટાર પર્ફોમર હતા બાટા અને એબીબી**

| STOCK | Reco. Price | Tgt | Reached | Lot Size | Profit |
|---|---|---|---|---|---|
| Sell Bata | 660 | 621 | 620 | 1000 | Rs.40,000 |
| Sell BemL | 455 | 445 | 437 | 500 | Rs.9,000 |
| Sell ABB | 751 | 717 | 687 | 500 | Rs.32,000 |
| Sell HDFC | 625 | 615 | 617 | 500 | Rs.4,000 |
| Sell BFUtiL | 483 | 456 | 452 | 500 | Rs.15,500 |
| | | | | Total | Rs.1,00,500 |

**સૂચકાંકો (ઈન્ડેક્ષ)ની સપાટી**

| | S3 | S2 | S1 | CLOSE | R1 | R2 | R3 |
|---|---|---|---|---|---|---|---|
| Nifty | 4675 | 4758 | 4849 | 4943 | 5030 | 5113 | 5198 |
| Sensex | 15463 | 15801 | 16119 | 16453 | 16756 | 17047 | 17314 |

પ્રતિકારક સપાટી તરીકે કામ કરે છે. ગેપની ઉપર તરફ અથવા તો ગેપની નીચે તરફની કોઈ પણ ગતિ, જે તે દીશામાં મજબૂત ગતિ આપશે. આવનાર સપ્તાહે ઉપર તરફ અથવા તો નીચે તરફની નિર્ણાયક ગતિ જોવા મળે તેમ લાગે છે.

**ટેકનીકલ વાત**

ગત સપ્તાહે સેન્સેક્ષની શરુઆત ૧૬૨૦૯ પોઈન્ટથી થઈ, ૧૬૭૫૬ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૧૫૮૦૧ પોઈન્ટની નિમ્ન સપાટી પણ દર્શાવી અને ૧૬૪૫૩ પોઈન્ટ ઉપર સાપ્તાહિક બંધ આપ્યો.આ રીતે સાપ્તાહિક ધોરણે સેન્સેક્ષે ૨૮૧ પોઈન્ટની વૃધ્ધિ સાથે બંધ આપ્યો.

આ જ રીતે નિફટીએ પણ સપ્તાહની શરૂઆત ૪૮૭૮ પોઈન્ટની કરી, ૫૦૩૪ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૪૭૫૮ પોઈન્ટની ની નિમ્ન સપાટી દર્શાવી અને ૪૯૪૩ ઉપર સાપ્તાહિક બંધ આપ્યો. આ રીતે નિફટીએ સાપ્તાહિક ધોરણે ૭૬ પોઈન્ટના વૃધ્ધી સાથે બંધ આપ્યો.

ફરી એક વાર દૈનિક અને સાપ્તાહિક

**આગામી સપ્તાહ માટે ભલામણ**

| STOCK | CMP | SL | Tgt-1 | Tgt-2 |
|---|---|---|---|---|
| Sell GMDC | 169 | 173 | 163 | 156 |
| Sell BoB | 762 | 771 | 742 | 720 |
| Sell Wipro | 340 | 346 | 330 | 318 |
| Sell TataStL | 415 | 423 | 403 | 390 |
| Sell Aban | 35z | 357 | 342 | 331 |

બાઉન્સ બેક થયા છે અને તેઓ વચગાળાની નીચી સપાટી સેન્સેક્ષમાં ૧૫૭૬૫ અને નિફટીમાં ૪૭૨૦ તોડી શકેલ નથી. આ રીતે હવે નિફટીની ગતિ નીચે તરફ ૪૭૨૦ અને ઉપર તરફ ૫૧૭૦ની સપાટી વચ્ચેના ગાળા પુરતી મર્યાદિત બનેલ છે.

ગત સપ્તાહે જયારે ઈન્ડેક્ષો ટોચના અંત સુધી પહોંચીને તૂટી પડયા એટલે કે સેન્સેક્ષમાં ૧૭૧૯૧ અને નિફટીમાં ૫૧૬૮, બંને ઈન્ડેક્ષોએ પાછળ તરફ સેન્સેક્ષમાં ૧૬૮૩૩-૧૭૦૦૦ અને નિફટીમાં ૫૦૫૯-૫૧૦૯ વચ્ચે નીચે તરફનું મંદીમય ગાબડું છોડેલ જે મજબૂત પ્રતિકારક સપાટી તરીકે કાર્ય કરે છે. આ **ઘટાડાના ૩૮.૨ ટકા આ રીતે હવે સેન્સેક્ષમાં ૧૭૧૭૧-૧૭૩૧૧ અને નિફટીમાં ૫૧૫૦-૫૧૮૮ની સપાટીએ મજબૂત પ્રતિકારક સપાટીનો ગાળો છે.**

વિશાળ દ્રષ્ટિકોણથી જોઈએ તો બજાર સેન્સેક્ષની ૭૬૯૭ થી ૨૧૧૦૮ સુધીની અને નિફટીની ૨૨૫૨ થી ૬૩૩૮ સુધીની સળંગ વૃધ્ધિથી સુધરી રહેલ છે. જો બજાર હાલની નીચેની સપાટી સેન્સેક્ષમાં ૧૫૭૬૫ અને નિફટીમાં ૪૭૨૦ તોડે, તો બજાર સેન્સેક્ષ અને નિફટીના સળંગ ઘટાડાનાં ૫૦ ટકા અને ૬૧.૮ ટકા સપાટી તરફ ગતિ કરે. આ સપાટીઓ સેન્સેક્ષમાં ૧૪૪૦૨-૧૨૮૨૦ અને નિફટીમાં ૪૨૯૫-૩૮૧૩ છે.

સેન્સેક્ષ અને નિફટી બંનેએ સાપ્તાહિક બેરીશ હેડ એન્ડ શોલ્ડર બ્રેકઆઉટ આપેલ છે, અને આ બેરીશ હેડ એન્ડશોલ્ડરનો લક્ષાંક સેન્સેક્ષમાં ૧૪૬૫૧-૧૩૯૨૮ અને નિફટીમાં ૪૩૫૭-૪૧૪૩ પર આવે છે. આ પછી સાપ્તાહિક બેરીશ ડીસ્કેન્ડીંગ ટ્રાયેંગલ પૂર્ણ થયેલ છે અને આ ઘટાડાનો લક્ષાંક સેન્સેક્ષમાં ૧૩૯૫૨ અને નિફટીમાં ૪૨૦૦ પર આવે છે. થોડા

**આગામી સપ્તાહે ધ્યાનમાં રાખો**

WATCH OUT FOR:




ઘણા અંશે ત્યાં મંદીમય કપ અને હેન્ડલની રચના થયેલ છે અને તેથી તેનો લક્ષાંક સેન્સેક્ષમાં ૧૪૭૮૯ અને નિફટીમાં ૪૪૩૭ આવે છે. દૈનિક ચાર્ટ પર હજુ પણ નાના પયા પર એસ્કેન્ડીંગ ટ્રાયેંગલ બ્રેકઆઉટ માટે મંદીમય બ્રેકઆઉટ જણાય છે અને તેનો લક્ષાંક સેન્સેક્ષમાં ૧૫૩૦૬ અને નિફટીમાં ૪૫૭૨ પર આવે છે.

એમ એ સી ડીએ ગત સપ્તાહે વ્હીપશો આપેલ અને આ સપ્તાહે ફરી એક વાર નકારાત્મક ટેરીટરીમાં હોવા છતાં ખરીદીના સંકેત આપી રહેલ છે. આર ઓ સી પણ નકારાત્મક ઝોનમાં છે અને વેચાણના સંકેત આપી રહેલ છે. આર એસ આઈ પણ તેના વેચાણના સંકેત સાથે ચાલુ છે અને તે સેન્ટરલાઈન ઉપર જવામાં નિષ્ફળ નીવડેલ છે અને ત્યાંથી તૂટેલ છે.સ્ટોકિસ્ટીક સંકેતકો ખરીદના સંકેત આપી રહેલ છે અને %કે, %ડીની ઉપર છે. એડીએક્ષ ૧૯ ઉપર રહી સૂચવી રહેલ છે કે ઈન્ડેક્ષો સાઈડ મોડમાં છે.

દીશાસૂચક સૂચકાંકો સેલ મોડમાં છે અને - ડીઆઈ, + ડીઆઈની ઉપર છે પરંતુ -ડીઆઈના મૂલ્યમાં ઘટાડો ભયની ઘંટડી વગાડી રહેલ છે. ઓબીવીએ તેની નીચેની ટોચ અને નીચેની તળિયાની સપાટીની રચનાચાલુ જ રાખેલ છે, અને તેથી તે પણ તેના વેચાણના સંકેત સાથે ચાલુ જ છે. બીજી તરફ મની ફલો જે રીતે હજુ ૬૫ પર છે તે મુજબ તેના ખરીદીના સંકેત સાથે ચાલુ જ છે

નિફટી ઓઆઈપીસીઆર ઉપર ગયેલ છે અને હાલ તે ૧.૫૮ની ઉપર છે. મહત્તમ કોલ રાઈટીંગ ૫૨૦૦ ના સ્ટ્રાઈક ભાવે જોવા મળેલ છે અને મહત્તમ પુટ રાઈટીંગ ૪૭૦૦ના સ્ટ્રાઈક ભાવે જોવા મળેલ છે. તેથી ટૂંકા ગાળામાં એવી અપેક્ષા રાખી શકાય કે નિફટી ઉપરની તરફ ૫૨૦૦ અને અને નીચે તરફ ૪૭૦૦ ની સપાટી વચ્ચે જોવા ગતિ કરતી જોવા મળે.

**સેન્સેક્ષનો ટેકો ૧૬૫૪૬-૧૬૨૩૨-૧૫૯૬૦ અને પ્રતિકારક સપાટી ૧૭૧૮૯-૧૭૪૮૨-૧૭૭૯૨ રહેશ**

સેન્સેક્ષની ટ્રેન્ડ લાઈન પ્રતિકારક સપાટી ૧૭૧૭૧ અને ટ્રેન્ડલાઈન સપોર્ટ ૧૫૮૧૦ છે.

નિફટીની ટ્રેન્ડ લાઈન પ્રતિકારક સપાટી ૫૧૬૦ અને ટ્રેન્ડલાઈન સપોર્ટ ૪૭૬૯ છે.

આગામી સપ્તાહે, સેન્સેક્ષનો ટેકો ૧૬૧૧૯-૧૫૮૦૧-૧૫૪૬૩ અને પ્રતિકારક સપાટી ૧૬૭૫૬-૧૭૦૪૭-૧૭૩૧૪ રહેશે.

આગામી સપ્તાહે નિફટીનો ટેકો ૪૮૪૯-૪૭૫૮-૪૬૭૫ અને પ્રતિકારક સપાટી ૫૦૩૦-૫૧૧૩-૫૧૯૮ રહેશે.

# આવનાર સપ્તાહે ટેક્ષટાઈલ્સ, ચર્મ અને ઓટો ક્ષેત્ર સારો જયોતિષિય સહયોગ મેળવશે

**તા. ૦૩ ઓક્ટોબર, ૨૦૧૧ થી ૦૭ ઓક્ટોબર, ૨૦૧૧**

**સપ્તાહ દરમ્યાન ગ્રહોની સ્થિતિ**

સપ્તાહ દરમ્યાન ચંદ્રમા ધન,અને મકર રાશીમાં ભ્રમણ કરશે, સૂર્ય, શનિ અને શુક્ર અને બુધ કન્યા, કેતુ વૃષભમાં, મંગળ કર્કમાં, ગુરુ મેષમાં, રાહુ વૃશ્ચિકમાં, પ્લુટો ધન રાશીમાં નેપ્ચ્યુન કુંભ રાશીમાં ભ્રમણ કરશે. શુક્ર તા. ૪ ઓકટોબર, ૨૦૧૧ થી લીબ્રામાં શીફટ થશે.

આવનાર સપ્તાહે નીચે દર્શાવેલ ક્ષેત્રો સારો જયોતિષિય સહયોગ મેળવશે.

**ટેક્ષટાઈલ્સ ક્ષેત્ર** અરવિંદ મીલ્સ, સેન્ચ્યુરી ટેક્ષટાઈલ, બોમ્બે ડાઈંગ અને રેમન્ડ

**ઓટો ક્ષેત્ર :** મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ટીવીએસ મોટર, અશોક લેલેન્ડ, બજાજ ઓટો અને ટાટા મોટર વગેરે

**ચર્મ ક્ષેત્ર** બાટા, મયુર લેધર, રીલેક્ષો ફૂટવેર વગેરે

ઘટાડે **ટાઈટન અને એશિયન પેઈન્ટસ** ખરીદો

ખરીદી ફક્ત ઘટાડાના દિવસોએજ કરવી.

ભારતની કુંડળીમાં રાહુના ગ્રહના પ્રતિકૂળ સ્થાનને કારણે ખલેલજનક સમાચારોનો પ્રવાહ ચાલુ જ રહે. હવે તા. ૬ જુન, ૨૦૧૧ થી રાહુનો ગ્રહ ધન રાશીમાંથી વૃશ્ચિક રાશીમાં સ્થળાંતર કરેલ છે તેથી આવનાર ચાર માસ દરમ્યાન સરકારશ્રીની પરિસ્થિતિ કપરી બનશે.

**આગાહી** : જયાં સુધી રાહુનો ગ્રહ

**એસ્ટ્રોલોજી અને સ્ટોક માર્કેટ**



**સતિષ ગુપ્તા**
**મો. ૦૯૮૧૧૭૩૮૩૬૬**
**૦૯૮૧૦૦૧૮૪૩૮**
http://www.astrostocktips.in
E-mail : astrostocktips@rediffmail.com

વૃશ્ચિક રાશીમાં છે ત્યાં સુધી જમીન, સંપત્તિમાં કાયદાના નિયમોનું ઉલ્લંઘન કરીને કરેલ વ્યવહારો પર તપાસ શરૂ થઈ શકે અને આવી ગેરરીતી બહાર આવી શકે છે.

નવી સંવત ૨૦૬૮ (હિન્દુ નવું વર્ષ) ૪ એપ્રિલ, ૨૦૧૧ થી શરુ થયેલ છે. જયારે પણ નવી સંવત ચાલુ થાય છે, ગ્રહોકીય સ્થાન, જોડાણ અને દ્રષ્ટિને કારણે કેટલાંક નવાં સેકટર સારો દેખાવ કરવા લાગે છે અને ઘણાં સેકટર કે જે ગત સંવતમાં ગતિ દર્શાવતાં હતાં તેઓ ખરાબ દેખાવ કરવાનો ચાલુ રાખે છે.

ઘણી વખત એવું જોવા મળેલ છે કે રોકાણકાર / ટ્રેડર્સ (આ બાબત જાણતા નથી) આવા સેકટરોમાં રોકાણ કરે છે.(કે જેનો જોતિષિય સહયોગ પૂર્ણ થઈ ગયેલ છે.) પરિણામે નુકશાન કરી બેસે છે. અમારી એવી સલાહ છે કે તમારા જયતિષિય નાણાંકીય સલાહકારનો સંપર્ક કરો અને આવાં સેકટર વિષેની જાણકારી મેળવો.

જે સેકટરના શેર મજબૂત એસ્ટ્રોલોજીકલ સપોર્ટ મેળવતા તેવા શેરોમાં જ દરેકે ટ્રેડ કરવું જોઈએ. જે કારણે આવા શેરોમાં નુકશાનનોન ભય ખૂબ જ ઓછો રહે.

**જે સેકટર મજબુત એસ્ટ્રો સપોર્ટ મેળવતા હોય તે સામાન્ય રીતે બજારની નિમ્નગતિમાં અસરકૃત થતાં નથી.**

**એસ્ટ્રો ગાઈડ - પાના નં. ૨નું ચાલુ**

હોસ્પિટલ, એચ.પી.એલ. ટેકનો, વી.આઈ.પી. ઈન્ડ., એસ્કોર્ટ, નિતિન ફાયર, લવેબલ લિંગરી, સી.ઈ.એસ.સી, મંજુશ્રી ટેકનો, મુંજાલ ઓટો, ઓરિએન્ટ પેપર જિન્દાલ પોલી ફિલ્મ, આઈએફબી એગ્રો, સ્પાઈસ જેટ, અશોક લેલેન્ડ.

**ધ્યાને રખાય :** સત્યમ, ગુજરાત અંબુજા, શ્રી રામ ટ્રાન્સપોર્ટ, ગ્રેફાઈટ ઈન્ડિયા,

**સોનાની ખાણ પૂરવાર થાય તેવી સલાહ માટે વાંચતા રહો : ધી ઈકોનોમિક રેવલ્યૂશન**

ધી ઈકોનોમિક રેવલ્યૂશન

## તંત્રીની કલમે....

# કોર્પોરેટ જગતમાં પણ માયનોરીટી શેરહોલ્ડરો સાથે યુઝ એન્ડ થ્રોની નીતિ અપનાવતા પ્રમોટરો

મિત્રો,

ભારતીય શેર બજારો નિમ્નગતિ તરફ જઈ રહ્યાં છે, અને રોકાણકારો હતાશ થઈને, પોતાની પરસેવાની મૂડી વલોવાતી જોઈને શેર બજારથી દૂર ભાગવા માંડયા છે. નાના રોકાણકારો હવે શેરબજારમાં સીઝનલ રોકાણકાર બની ગયા છે ત્યારે કંપની લોની વિવિધ કલમો નીચે બદમાશ પ્રમોટરો અમુક વર્ષો નબળા પરિણામો આપી કંપનીના ભાવો તોડી નાખી બાદમાં અમુક સમયના એવરેજ ભાવથી બાકીના શેર હોલ્ડરો પાસેથી ડીલીસ્ટીંગના નામે શેરો પડાવી લે છે. પણ અમુક શેર હોલ્ડરો કે જેઓને કંપનીની ગતિવીધીઓ અને સાચા મૂલ્યની ખબર હોય છે, તે આવા શેર આવા ડીલીસ્ટીંગમાં નથી આપતા. તેઓને પણ કંપની લોની કલમ ૧૦૦ થી ૧૦૫ ની ખામીઓ શોધી અમુક કલમો નીચે ફરજીયાતપણે તગેડી મુકે છે તેનાં અનેક ઉદાહરણો પણ છે. જેમાં કેડબરી, સેન્ડવીક એશિયા જેવી અનેક કંપની ઉપરાંત તાજેતરમાં જગતભરની એકસાઈડ બેટરીના માલિકો, કે જેઓ ડયુડોર ઈન્ડિયા લી.ના ભારત ખાતેના પ્રમોટરો છે, તેઓએ પણ ગઈ સાલ કંપનીના સરવૈયામાં ૫૮ લાખ જેવી મામુલી આવક બતાવી રૂ. ૭૦ ના ભાવે માઈનોરીટી શેરહોલ્ડરોના મોટા ભાગના શેરો પડાવી લીધા, પરંતુ અભ્યાસુ લોકોએ કંપનીની મજબૂતાઈ અને વાસ્તવિક કિંમતનો અંદાજ હોવાને કારણે આ શેરો કંપનીને ડીલીસ્ટીંગ ઓફરમાં પરત આપેલ નહીં. હવે આ કંપનીએ કંપની લોની કલમ ૧૦૦ નીચે જે તે હાઈકોર્ટમાં પીટીશન કરી કંપની લો ની ખામીનો દૂરઉપયોગ કરી આવા શેરહોલ્ડરોને પણ તેમની ઈચ્છાની વિરૂધ્ધ કંપનીમાંથી તગેડી મૂકવાનો કારસો રચ્યો, જે ભવિષ્યમાં આમ જનતાને શેરબજારથી વિમુક્ત કરી મુકે તેમ લાગે છે. આ માટે થઈને દેશની સર્વોચ્ચ અદાલત તથા હાઈ કોર્ટ તેમ જ સેન્ટ્રલના કંપની લો બોર્ડ અને મિનિસ્ટ્રી ઓફ કંપની એફેર્સ તેમ જ લાગતા વળગતા રોકાણકારોના હિતની રક્ષા કરતા એન. જી. ઓ. અને શેરહોલ્ડર એસોસીએશનોએ તેમ જ સ્ટોક એક્ષચેંજોએ એક અવાજે વાંધો ઉઠાવવો જોઈએ. અહીંયાં ચર્ચેલી કંપની ડયુડોર ઈન્ડિયાએ ગઈ સાલ રૂ. ૫૭.૬૨ લાખનો ઓછો નફો બતાવી રૂ. ૭૦ ના ભાવે રોકાણકારોના શેરો પડાવી લીધા હતા. બાદ જે લોકોએ શેર નથી આપ્યા તેમના શેરો ઉપરોક્ત કંપની લોની ખામીનો દૂરઉપયોગ કરી, પીટીશન કરી કાઢી મૂકવાનો કારસો રચ્યો છે. સદરહુ કંપનીએ વર્તમાન માર્ચ ૨૦૧૧ ના વર્ષમાં રૂ. ૮.૧ કરોડનો ધરખમ નફો બતાવેલ છે. જયારે ઓટોમોબાઈલ ઉદ્યોગ તેનો નફો ટકાવવામાં મુશ્કેલી અનુભવી રહેલ છે, જે એવું પ્રતિપાદિત કરે છે કે, ભૂતકાળમાં કંપનીએ બાય હૂક ઓર કૂક ઓછો નફો દર્શાવી માયનોરીટી શેરહોલ્ડરોને તગેડી મૂકયા, હવે જો કંપનીએ બાકી રહેતા ૨.૫ ટકા જેવા માઈનોરીટી શેરહોલ્ડરોને કંપનીમાંથી ફરજીયાત પણે કાઢી મૂકવા હોય તો પણ રૂ. ૭૦ ના ૧૬ ગણા એટલે કે રૂ. ૧૧૨૦ કરતાં વધુ ભાવ આપવો જોઈએ. હવે વિચારો કે બદમાશ પ્રમોટરો આ રૂ. ૧૧૨૦ ના શેર રૂ. ૭૦ ના ભાવે પડાવી લેવા માટે કેવો કારસો રચે છે.કેવી આબાદ રીતે શેરહોલ્ડરો સાથે પોલીશ્ડ છેતર પીંડી કરે છે પણ અમારા મતે એક પણ શેર હોલ્ડરને તેની મરજીની વિરૂધ્ધ કોઈ પણ કંપનીના પ્રમોટરો કંપનીના શેરહોલ્ડર લીસ્ટમાંથી તગેડી મૂકીશકવા ના જોઈએ.તેમને ન ગમતા હોય તો કંપનીએ ભયંકર નુકશાની કરીને કંપનીને લીક્વીડેશનમાં લઈ જઈને કંપની બંધ કરવી જોઈએ. અથવા જયારે જરૂર હતી ત્યારે ભારતીય શેરહોલ્ડરોને શેર આપ્યા, અને તેમનો હેતુ સરી ગયો એટલે આવી કંપનીઓ (કેડબરી ઈન્ડિયા, સેન્ડવિક એશિયા તેમ જ આવી તો અનેક કંપનીઓએ માઈનોરીટી શેરહોલ્ડરોનો શેરબજારમાંથી વિશ્વાસ હલાવી દીધો છે,)જેમ કે કેરી ચૂસી લીધા પછી કેરીના ગોટલા અને છોતરાં ફેંકી દે, તેમ માઈનોરીટી શેરહોલ્ડરોને કંપનીમાંથી તગેડી મૂકવાની આ પ્રથા તાત્કાલિક ધોરણે બંધ કરવી જોઈએ. ત્યારે કેન્દ્રના નાણાં મંત્રાલયે માઈનોરીટી શેરહોલ્ડરો સાથે કંપનીના પ્રમોટરો દ્વારા આચરવામાં આવતી આવી ગેરરીતીઓ સામે કડક હાથે પગલાં લઈ શકાય તેવા કાયદાઓ બનાવવા જોઈએ એન વર્તમાન કાયદાઓની છટકબારીઓને બંધ કરવી જોઈએ, તેમ જ એકસાઈડ જેવી ઈન્ટરનેશનલ કંપનીએ તેના માઈનોરીટી શેરહોલ્ડરોથી ડર્યા વગર કંપનીના વિકાસની ભાગીદારીમાં તેઓને જોડે રહેવાની તક આપવી જોઈએ.

કોઈ પણ વાચકોને આવા કોઈ પ્રશ્નો હોય કે કોઈ પણ કંપની અંગેની ફરિયાદ હોય તો કોઈ પણ જાતના ખચકાટ કે હિચકિચાટ વગર અમોને વિગતે લખો.

**જય હો**

**સર્વેત્રઃ સુખિનઃ સન્તુ**

**નરેન્દ્ર જોષી, એડીટર**

**બાય એન્ડ સેલ .. પા.નં. ૧ નું ચાલુ**

બાય એન્ડ સેલ .. પા.નં. ૧ નું ચાલુ

શકે. નહીંતર નિફ્ટી ૪૮૫૪-૪૮૩૯ સુધી નીચે તરફ સરકી શકે.

**ટેકાની સપાટી** - ૪૯૦૫, ૪૮૮૩, ૪૮૫૪ અને ૪૮૩૯

**પ્રતિકારક સપાટી** - ૪૯૫૫, ૪૯૮૨, ૫૦૧૩ અને ૫૦૩૪

## સાપ્તાહિક દ્રષ્ટિકોણથી ખરીદી

**તા. ૦૩ ઓકટોબર, ૨૦૧૧ થી ૦૭ ઓકટોબર, ૨૦૧૧**

| SCRIP | CLOSE | SUPPORTS | RESISTANCES |
|---|---|---|---|
| ABAN | 352 | 344,333 | 375,396 |
| ADANIENT | 526 | 519,514 | 540,555 |
| BHARTI | 378 | 368,361 | 389,406 |
| CIPLA | 282 | 277,274 | 290,299 |
| DIVIS | 728 | 714,701 | 745,762 |
| DLF | 218 | 215,208 | 226,235 |
| HDFC | 640 | 632,617 | 657,684 |
| HINDALCO | 131 | 127,124 | 140,145 |
| HPCL | 365 | 356,351 | 377, 392 |
| ICICIBANK | 875 | 865,844 | 896,915 |
| INFY | 2532 | 2508,2455 | 2567,2660 |
| ITC | 198 | 195,192 | 206,211 |
| JSWSTEEL | 590 | 574,551 | 633,668 |
| LIC | 210 | 205,200 | 218,225 |
| MARUTI | 1083 | 1058,1045 | 1117,1148 |
| ONGC | 266 | 261,258 | 272,279 |
| RELCAPITAL | 315 | 302,289,274 | 347,366,383 |
| RELIANCE | 806 | 789,770 | 828,853 |
| RELINFRA | 373 | 366,353 | 405,438 |
| SBIN | 1911 | 1905,1878 | 1962,2013 |
| SESAGOA | 199 | 194,189 | 207,216 |
| SUNPHARMA | 462 | 453,442 | 482,495 |
| TATAMOTORS | 156 | 154,151 | 163,168 |
| TATASTEEL | 415 | 405,398 | 432,447 |
| TCS | 1035 | 1012,987 | 1067,1108 |
| TECHM | 572 | 563,554 | 590,615 |
| YESBANK | 270 | 268,265 | 279,284 |

# સેન્સેકસમાં ૧૬૧૬૨ ઉપર તેજી તરફી રૂખ

વૈ િવક બજારોના મિ ્ર સંકેતો,યુરોઝોનને સંકેટમાંથી બચાવવા માટે જમ નીની પાલા મેન્ટમાં ભારે બ ી બેલઆઉટ ફંડની કરેલી જાહેરાત,એફઆઈઆઈ ની લેવાલી અને શોર્ટ કવરીંગના સહારે બજારમાં સામાન્ય સુધારો જોવા મળેલ

### રોકિંગ ટીપ્સ મેકર્સ



**આશિષ નાયક**
**મો. ૯૩૭૬૯૮૮૭૬૫, ૯૯૨૪૨૭૯૮૨૫**
rosenayak.1984@yahoo.com

જયાંથી સેન્સેકસ ૧૭૦૦૦ અને નિફ્ટી ૫૦૦૦ ની મનોવૈજ્ઞાનિક સ્તરેથી પાછા ફરેલ. છેલ્લા સપ્તાહે જણાવેલ કે સેન્સેકસમાં ૧૬૬૨૦ ઉપર જ સુધારો જોવા મળે તે મુજબ જ આપેલ લેવલ ૧૬૯૭૧ સુધીના લેવલો જોવા મળેલ જયારે ૧૫૮૯૬ નો સપોર્ટ તોડેલ નહી. ઓકટોમ્બર સીરીઝમાં ટ્રેડરોએ બજારમાં બ્રેક આઉટલક્ષી વેપાર ચુસ્ત સ્ટોપલોસ સાથે બનાવવો. યોગ્ય લેવલથી તેજી–મંદી કરનારને આગામી સમયગાળામાં અઢળક કમાણી થશે. સાપ્તાહીક ચાર્ટ ઉપર સેન્સેકસ રિકટેગલ ઈન ડાઉન ટ્રેન્ડની રચના બનાવે છે જે સેન્સેકસમાં ૧૬૧૬૨ ઉપર તેજીની રૂખના સંકેતો આપે છે. ૧૬૧૬૨ નીચે બંધ આપતાં ૧૫૮૭૦ કે તેથી નીચેનો ઘટાડો જોવા મળી શકે છે. મુખ્ય અવરોધ ૧૬૭૦૯ ઉપર બંધ આપતાં ૧૭૦૬૫ ઉપરના લેવલો જોવા મળી શકે છે.

### ❖ નિફ્ટી ટેકનીકલ્સ (૪૯૪૩.૨૫)

સાપ્તાહીક ચાર્ટ ઉપર નિફ્ટી સાયમેટ્રીકલ ટ્રાયગલ ઈન આપટ્રેન્ડની રચના બનાવે છે જે નિફ્ટીમાં નજીકના મુખ્ય સપોર્ટથી ૧૪૦ પોઈન્ટ ઉપરની તેજીના સંકેતો આપે છે. મુખ્ય સપોર્ટ તુટતાં ૪૭૯૦ સુધીના લેવલો જોવા મળી શકે છે. છેલ્લા સપ્તાહે જણાવેલ કે નિફ્ટીમાં મુખ્ય અવરોધ એટલે કે ૪૯૦૮ પાર કરતાં ૧૦૦ થી ૧૫૦ પોઈન્ટનો ઉછાળો જોવા મળે તે મુજબ જ ૪૯૦૯ પાર કરતાં ૫૦૦૦ ઉપરના લેવલો જોવા મળેલ. આગામી સમયગાળામાં ટ્રેડરોએ નિફ્ટીમાં બંન્ને બાજુની ચાલમાં યોગ્ય લેવલથી ચુસ્ત સ્ટોપલોસ સાથે વેપાર બનાવવો હિતાવહ.

### ❖ લાંબાગાળાના રોકાણ માટે

**❖ લક્ષ્મી કોટસિન (બીએસઈ કોડ ૫૨૬૦૪૯) (૯૪.૫૫)**

કંપનીની સ્થાપના ૧૯૮૮ માં ગેલેક્ષી ઈન્ડોફેક લિ તરીકે થઈ હતી જયાં પાછળથી જુન ૨૦૦૫ માં તેનુ નામ બદલીને ્રી લક્ષ્મીકોસ્ટિન કરવામાં આવેલ.ટેકસટાઈલ્સ,વેલ્યુચેઈન ના વ્યવસાય સાથે કંપની સકંળાયેલ છે. તદઉપરાંત હોમ ફનિ શીંગ,ડેનિમ ફેબ્રિક,ટેરી ટોવેલ,બેડાલેનન,કોટન િ ફ સ ી બ લ ઈન્ટરલાઈનીંગ અને એમ્બ્રોઈડરી ફેબ્રીકના ઉત્પાદનમાં મોખારનુ સ્થાન ધરાવે છે. બેલેસ્ટિક પ્રોડકટસ અને યાત્રિક ટેકસટાઈલ્સ પ્રોડકટસના ઉત્પાદનમાં કંપની ખુબ જ જાણીતી છે. શુર્ટિગ સર્ટિગ,કિવલટ ફ ે બ ્ ી ક , િ શ ટ ી ં ગ ફેબ્રીક,ટોવેલ,ડેનીમ,બોટમ વેઈટ,બેડલીનન,ઝીપર,રેડીમેઈડ ગારમેન્ટસ અને ટેરીટેવેલ નુ ઉત્પાદન અને વેચાણ કરે છે. કોટેન યાન ફેબ્રીકસ,ન્યુકિલયર,પોલી યુરેથીન,હાઈ ઓલ્ટીટયુડ ફેબ્રીકસ, બાયોકેમીકલ ફેબ્રીકસ નુ ઉત્પાદન પણ કંપની દ્રારા કરવામાં આવે છે. કંપની એસવીએલ,સ્ટાર ટ્રેન્ડ અને સ્ટિરોડ બ્રાન્ડ હેઠળ પોતાના ઉત્પાદનનુ વેચાણ કરે છે.

શેરની વત માન બુકવેલ્યુ રૂ ૨૨૩.૯૨ છે જે વત માન બજારભાવ થી ખુબ જ ઉપર છે જયારે શેરની ફેસવેલ્યુ રૂ ૧૦ છે. કંપનીનો વત માન પીઈ રેશીયો ૧.૯૧ ટકા છે જે ઈન્ડસ્ટ્રિયલ પીઈ રેશીયો ૫.૫૭ ટકાથી નીચે છે. ૪૭.૫૯ ટકાના દરે કંપનીએ ચાલુ સમયગાળા માટે ઈપીએસ પણ દશા વેલ છે. કંપની દર વષ ૩૦ ટકા ઉપર ડિવિડન્ડ પણ આપે છે. કંપની પોતાના કુલ છ ગ્રુપ ધરાવે છે. એમપી અગ વાલ કંપનીના ચેરમેન અને મેનેજીંગ ડિરેકટર તરિકે ફરજ બજાવે છે. કંપનીના વાષિ ક અને ત્રિમાસીક ગાળાના પરિણામો સતત સુધારાજનક નોધાયેલ છે.

સાપ્તાહીક ચાર્ટ ઉપર શેર રિકટેગલ ઈન ડાઉનટ્રેન્ડ ની રચના બનાવે છે જે શેરમાં નજીકના મુખ્ય સપોર્ટથી રોકાણ કરનારને મધ્યમગાળામાં ૨૦ ટકા ઉપર રિર્ટન મળે તેવા સંકેતો આપે છે. અમે છેલ્લે આપેલ ભલામણોમાં હિટાચી હોમ,ક્રોપ્ટન ગ્રીવ્સ,હેવલ્સ ઈન્ડિયા,સુય લક્ષ્મી કોટનમિલ્સમાં ૧૦ ટકા ઉપર વળતર ખુબ જ ટુકાગાળામાં મળેલ છે જે નોધનીય છે. આગામી સમયગાળ ામાં મેમ્બસ ને જેકપોટ કોલ ની ભલામણ આપીશુ. મદયમ થી લાંબાગાળાના ચાર્ટ ઉપર શેર ફોલીંગ વિડથ ઈન અપટ્રેન્ડની રચના બનાવે છે જે શેરમાં બે મુખ્ય સપોર્ટના તબકકામાં રોકાણ કરનારને મધ્યમથી લાંબાગાળે ૮૦ ટકા ઉપર રિર્ટન આપવાના સંકેતો આપે છે. લાંબાગાળાના રોકાણકારોએ ઘટાડે મયા દિત માત્રામાં રોકાણ કરવુ.

# નિફ્ટીની મજબૂત ટેકો ૪૭૫૦ તેમ જ પ્રતિકારક સપાટી ૫૧૪૦

### ટેકનીકલ ટ્રેન્ડ



**સંજય લાડ**
**મો. ૯૮૨૦૯૨૦૫૩૦**
**WEBSITE : www.stockacademy.co.in**

**૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૧**
**શુક્રવાર**

**નિફ્ટીનો દેખાવ**

નિફ્ટીની મજબૂત ટેકો ૪૭૫૦ તેમ જ પ્રતિકારક સપાટી ૫૧૪૦ છે.નિફ્ટી ૪૭૫૦ થી ૫૧૭૦ વચ્ચે રેન્જબાઉન્ડ રહેશે તેમ જણાય છે. પરંતુ જો નિફ્ટી ૪૭૫૦ની સપાટી તોડી નાખે તો તે એકંદરે નબળી રહેશે અને આ પછી નવી નીચી સપાટી ૪૪૫૦ બનાવી શકે. ઉપર તરફ નિફ્ટી ૫૧૭૦ ની મજબૂત પ્રતિકારક સપાટી ધરાવે છે.

### ટ્રેડ કરવા જેવા કેટલાક શેર

| Name of stock | Action | Action Price | S l | Target |
|---|---|---|---|---|
| ABG SHIP | BUY | 390 | 370 | 420 |
| ABB | BUY | 660 | 650 | 740 |
| GUJ MINERAL | SHORT SELL | 172 | 174 | 160 |
| IRB | SHORT SELL | 165 | 170 | 155 |
| MCDOWELL | BUY | 800 | 770 | 850 |
| SESAGOA | BUY | 196 | 190 | 215 |
| SIEMENS | SHORT SELL | 845 | 855 | 800 |
| SAIL | BUY | 104 | 100 | 120 |
| SUNPHARMA | SHORT SELL | 470 | 480 | 440 |
| ALOK | BUY | 18 | 17 | 22 |
| BANK OF BARODA | SHORT SELL | 775 | 795 | 735 |
| GSPL | BUY | 104 | 102 | 112 |

# ઉંચો ફૂગાવાનો દર અને વધતા વ્યાજ દર ભારતના અર્થતંત્ર માટે ચિંતા જનક

**વિતેલા સપ્તાહે** બીએસઈ સેન્સેક્ષ (૧૬૪૫૩.૭૬) અને નિફ્ટી (૪૯૪૩.૨૫) બંન્ને અનુક્રમે ૧.૮ ટકા અને ૧.૬ ટકા ઉપરે બંધ આવ્યા હતા. નિફ્ટી ફયુચર ઓકટોબર ૧૨.૨૫ પોઈન્ટના ડીસ્કાઉન્ટ માં હતો. નિફ્ટી કોલ ઓપ્શન ઓકટોબર ૫૧૦૦ ના કોલ ઓપ્શન ભારે એક્ટિવ હતો.

**સેન્સેક્ષમાં સપોર્ટ** ૧૫૯૨૦ **તથા રેજીસ્ટન્સ** ૧૬૮૭૦ જયારે **નિફ્ટીમાં સપોર્ટ** ૪૭૯૦ અને **રેજીસ્ટન્સ** ૫૦૬૫ નો છે.

ઈન્ફોસીસ તેના બીજા ત્રિમાસિક ગાળાનાં પરિણામો તા. ૧૨મી ઓકટોબર, ૨૦૧૧ ના રોજ જાહેર કરશે. એચ ડી એફ સી બેંક પણ તેનાં બીજા ત્રિમાસિક ગાળાનાં પરિણામો ૧૯મી ઓકટોબર, ૨૦૧૧ ના રોજ જાહેર કરશે.

સપ્ટેમ્બર માસનો ડેરિવેટિવ કોન્ટ્રાકટ ગુરુવાર, તા. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૧ ના રોજ એક્ષપાયર થશે.

આર આઈ એલ અને એસ બી આઈ માં સપ્ટેમ્બર માસ સીરીસમાં ઓપન ઈન્ટરેસ્ટ વધેલ છે. ટાટા સ્ટીલ કોલ

### બુલેટ



**નરેન્દ્ર નયનાની**
**મો. ૯૮૯૮૧૬૨૭૭૦**
nainaninarendra@Hotmail.com
Yahoo Messanger Id-narendranainani
www.narendranainani.blogspot.com

ઓપ્શનમાં ૪૪૦ ના સ્ટ્રાઈક ભાવે ભારે પોઝીશન બંધાયેલ છે. એસ બી આઈ ઓકટોબર કોલ ઓપ્શનમાં પણ રૂ. ૨૦૦૦ ના સ્ટ્રાઈક ભાવે સારું બિલ્ડપ જોવા મળેલ છે.

**ફયુચર ઓપ્શનના ખેલાડીઓ માટે**

**૧.ટીવીએસ મોટર (૬૧.૧૦)**

ફયુચર લોટ સાઈઝ ૪૦૦૦ શેર

- ઓકટોબર ફયુચરનો એક લોટ રૂ. ૬૧.૧૦ ના ભાવે ખરીદો
- ઓકટોબર માસનું એક કોલ ઓપ્શન રૂ. ૬૫ ના સ્ટ્રાઈક સભાવે રૂ. ૧.૪૦ ના ભાવે વેચો

**મેળવેલ પ્રિમિયમ** = ૧.૪★૪૦૦૦=૫૬૦૦.૦૦ રૂા.

**ચોખ્ખું ચુકવેલ પ્રિમિયમ** = ૧૦૦૦૦=૮૦૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૬૫-૬૧.૧૦=૩.૯★૪૦૦૦=૧૫૬૦૦.૦૦ +૫૬૦૦=૨૧૨૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** : = અસિમિત રૂ.

**બ્રેક ઈવન પોઈન્ટ** : = ૧૦૭

**૧.જી એસ પી એલ (૧૦૫.૫૦)**

લોટ સાઈઝ ૪૦૦૦ શેર

- ઓકટોબર માસના સ્ટ્રાઈક ભાવ ૧૦૫ રૂા. ના ભાવે એક કોલ ઓપ્શન રૂ. ૪.૫૦ના ભાવે ખરીદો.
- ઓકટોબર માસના ૧૧૦.૦૦ ના સ્ટ્રાઈક પ્રાઈસથી રૂ. ૨.૫૦ ના ભાવે એક કોલ ઓપ્શન વેચો.

**ચુકવેલ પ્રિમિયમ** = ૪.૫★૪૦૦૦=૧૮૦૦૦.૦૦ રૂ.

**મેળવેલ પ્રિમિયમ** = ૨.૫૦★૪૦૦૦= ૧૦૦૦૦.૦૦ રૂા.

**ચોખ્ખું ચુકવેલ પ્રિમિયમ** = ૧૦૦૦૦=૮૦૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૧૧૦-૧૦૫ =૫★૪૦૦૦=૨૦૦૦૦-૮૦૦૦=૧૨૦૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** : = ૮૦૦૦.૦૦ રૂ.

**બ્રેક ઈવન પોઈન્ટ** : = ૧૦૭

**ટ્રેડીંગ આઈડીઆ**

**૧. બાટા ઈન્ડિયા** (૬૪૯.૩૫) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

**૨. જી ઈ શીપ** (૨૫૦.૫૦) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

# સેન્સેક્સ અને નિફ્ટી અઠવાડીક બંધ ૧૫૭૬૫ અને ૪૭૧૮ની નીચે બંધ આવે તો ૧૪૩૧૯ અને ૪૨૬૨ સુધીનો ઘટાડો જોવા મળશે.

નમસ્કાર મિત્રો,

ગત સપ્તાહ વોલેટાઈટલ રહ્યુ, સ્ટોક સ્પેશીફીક એ રાખીને કામ કરવુ વધારે હિતાવહ રહેશે.

વાત કરીએ લેટેસ્ટ ટેકનીકલ પેર્ટનની તો સેન્સેક્સ અને નિફ્ટી બન્ને ડેઈલી ચાર્ટ પર અનુક્રમે ૮૧૭ અને ૨૭૨ પોઈન્ટનાં બોક્ષની રેન્જમાં થી નીચેની તરફી પોઈન્ટ આપેલ છે, એટલે આવનારા દિવસોમાં એ સાંવ ૧૫૫૫૭ અને નિફ્ટી સુધી ઘટી શકે છે. જ્યારે વિકલી ચાર્ટ પર જોતાં આ બન્નેમાં બોક્ષ અનુક્રમે ૧૪૪૬ પોઈન્ટ અને ૪૫૬ પોઈન્ટના બનેલાં છે. સેન્સેક્સ અને નિફ્ટી ફયુચર અઠવાડીક બંધ ૧૫૭૬૫ અને ૪૭૧૮ની નીચે બંધ આવે તો ૧૪૩૧૯ અને ૪૨૬૨ સુધીનો ઘટાડો જોવા મળશે.શોર્ટટર્મ ઈન્વેસ્ટરો આપેલા સ્ટોપ લોસથી રોકાણ કરી શકે છે, જે સ્ટોપલોસ દર અઠવાડિયે અપડેટ કરીશ.

| નામ | સ્ટોપલોસ |
|---|---|
| અરવિંદ | ૮૬ |
| ગુજરાત ફ્લોરા | ૪૯૨ |
| આઈજીએસ | ૪૦૭ |
| વિઆઈપી | ૮૭૧ |
| એમ ટેક ઈન્ડીંયા | ૧૧૦ |
| લા ઓપાલા | ૯૮ |
| નેસ્લે | ૪૧૮૮ |
| સુઆવેહોટલ | ૧૦૦ |
| વિએસટીઈન્ડ | ૧૨૫૯ |

નોંધ : કોઈ શેર સ્ટોપલોસની નીચે બંધ આવે પછી નીકળવું

હાલમાં જે રીતે તપાસોનો દોર છૂટ્ટો મુકવામાં આવ્યો છે અને જે રીતે નવી નવી વાતો બહાર આવી રહી છે તે ઉપરથી અનેક વાતો ફલિત થાય છે. સરકારનો ઈરાદો એવો દેખાય છે કે પ્રજાને લાગે બીજા ઘણાં પણ ભ્રષ્ટાચારીઓ છે. પ્રધાનો એકલા નથી. પ્રધાનમંડળની ''સામૂહિક જવાબદારી'' વિશે વિપક્ષમાંથી કેમ કોઈ બોલતું નથી ? અત્યારે રથયાત્રાઓ કાઢવાનો સમય નથી પરંતુ મરદાનગીથી પ્રજાને જગાડવાનો સમય છે. શ્રી જય પ્રકાશ નારાયણ જેવા મોટા ગજાનાં નેતાની જરૂર છે નહીં તો આ કુપાતરો દેશને ડુબાડી દેશે.

છેલ્લા સાત દિવસનાં વિદેશી સંસ્થાકીય ફંડોની ગતિવિધિ તપાસીએ તો પાંચ દિવસ તેઓ નેટ વેચવાલ રહ્યા છે અને ૪૩૫૮.૬૦ કરોડનો માલ વેચ્યો છે જયારે બે દિવસમાં નજીવી ખરીદી કરી છે જે ૨૧૯.૦૫ કરોડની જ છે એક

### પેનિક એન્ડ પ્રોફીટ



**નિશેષ એમ. જાની**
**મો. ૯૩૭૬૮૫૮૨૮૪**

તો કંપનીઓ કાચામાલનાં ભાવ વધારાને લીધે નફો જાળવી શકતી નથી. તેમાં સરકારને મોંઘવારી ઘટાડવાની જરા પણ પડી હોય તેવું લાગતું નથી.ક્યાંથી પ્રજાનું લોહી પીવાય, ક્યાં નવા કરવેરા નંખાય ત્યાં જ ધ્યાન કેન્દ્રીત થતું લાગે છે. સરકારનું વલણ હડકાયા કુતરા જેવું થઈ ગયું છે જેને શાન ભાન કે શરમનો છાંટો ય ન હોય. જો આવું જ ચાલ્યું તો અંગ્રેજો સામે પ્રજાએ બળવો પોકાર્યો હતો. તેનાથી પણ પ્રચંડ બળવો પ્રજાકિય જાગૃતિ દ્વારા થશે. લોકો સ્વયંભૂ બાગદોર હાથમાં લઈ લેશે ત્યારે કાયદો અને વ્યવસ્થા નહીં જળવાય અને નેતાઓને ઘરની બહાર નિકળવામાં ફાંફા પડી જશે. આવું ન થાય તે માટે સરકારે પ્રજાની પીડા પ્રત્યે હવે ધ્યાન આપવું અત્યંત જરૂરી બન્યું છે. અમે ઓકટોબર મહિનામાં કંપનીઓનાં પરિણામો નબળા આવશે તેવી ધારણા રાખીએ છીએ જે બજારને ધરાશાયી કરવાનું એક કારણ બની શકે. વિદેશી ફંડો ધીમે ધીમે પોતાની મૂડી શેરવી લે અને બજારની ધરાશયી કરી નાંખે તે શક્ય છે. ડોલર સામે રૂપિયો ગગડી રહ્યો છે. સોના ચાંદીના આસમાને પહોંચેલા ભાવ સટ્ટો તૂટતા જમીન પર આવી રહ્યા છે.અમે ગયા સપ્તતાહે જ આપને સ્ટ્ર શબ્દમાં જણાવેલ કે સોના ચાદીનો સટ્ટો વિખરાઈ જશે અને ભાવો ક્રેશ થઈ જશે

ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ : ધી ઈકોનોમિક રેવલ્યૂશન

# સફર સફળતાની ટોચ સુધી - શ્રી સુમન જૈનના શબ્દોમાં



**શ્રી સુમન જૈન**
**ધંધો શરુ કર્યો ત્યારની ઉંમર : ૨૪ વર્ષ**
**કંપનીનું નામ : જૈનસન ગ્રુપ ઓફ કંપનીસ**
**હેડકવાર્ટર : મુંબઈ**
**શરૂઆતનું મુડી રોકાણ : રૂ. ૧ લાખ**
**નાણાંનો સ્રોત : મિત્રો અને સંબંધીઓ પાસેથી ઉછીના લીધા**
**હાલનું ટર્ન ઓવર : રૂ. ૨૦ કરોડ**

જયારે મારી ઉંમર ૨૩ વર્ષ હતી, ત્યારે મેં બે બાબતો માટે નિર્ધાર કરેલ, એક તો મારો પોતાનો ધંધો સેટ કરવો અને બીજું શેર બજાર. એ વર્ષ હતું ૧૯૮૩નું અને મેં મિકેનીકલ એન્જીનીયરીંગમાં ડીપ્લોમા મેળવ્યો, પછી હું ભારત બીજલી, કે જે ભારતની સૌથી મોટી ઈલેકટ્રીકલ એન્જીનીયરીંગ કંપની છે તેમાં ઈન્ટર્ન તરીકે જોડાયો.

મેં ૧૯૮૪ની સાલમાં ૬ માસની ઈન્ટર્નશીપ પૂર્ણ કરી અને અને પછી ઈલેકટ્રીકલ કેબલ ટર્મીનલના અંત ભાગનું ઉત્પાદન કરવા માટે એક નાનું કારખાનું સ્થાપવા માટે સાનૂકૂળ જગ્યા શોધવાની શરૂઆત કરી. મેં મુંબઈની પશ્ચિમના સારા વિસ્તાર મલાડ ખાતે ૧૦૦ ચોરસફૂટની ભાડાની જગ્યામાં એક ફેકટરી શરુ કરી. અને આ માટે જરુરી સાધન સામગ્રી ખરીદવા માટે રૂ. ૧ લાખ સંબંધીઓ અને મિત્રો પાસેથી ઉછીના લીધા. આ કંપનીનું નામ 'જૈનસન' રાખ્યું મેં ૧૦ કામદારો અને બે સુપર વાઈઝર પણ નોકરીમાં રાખ્યા. આ ફેકટરીનું માસિક ભાડું રૂ. ૪૦૦ હતું.

મેં વિવિધ તર્કબધ્ધતા દાખવીને તે મુજબ કાર્ય કરીને આ ધંધાની સ્થાપના કરી અને મને ખાતરી હતી કે મને ભારત બીજલી તરફથી ચોક્કસ પણે ઓર્ડર મળશે, અને તેઓ મારા પ્રથમ ગ્રાહક બન્યા.

આ પછી મેં બીજી કંપનીઓનો પણ સંપર્ક કર્યો અને થોડા જ માસમાં મને સિમેન્સ અને ભેલ પાસેથી પણ ઓર્ડર મળ્યા. પ્રથમ વર્ષનું ટર્ન ઓવર રૂ. ૫ થી ૬ લાખ થયું, પછી તુરત જ મને બીજી કંપનીઓના ઓર્ડર મળવા લાગ્યા. આ સમય દરમ્યાન, મેં શેરબજારમાં છબછબીયાં કરવાનું ચાલુ રાખ્યું હતું પણ તે નાના પાયા પર હતું.

આમાં બદલાવ આવ્યો ૧૯૮૫ની સાલમાં, જયારે મને ફેડ્ડર્સ લોઈડ પાસેથી તેમના પ્લાન્ટસ માટેનો ૨૫,૦૦૦ કેબલ યુનિટસનો મોટો ઓર્ડર મળ્યો. થોડા દિવસો પછી, જૈનસનને કંપની પાસેથી બીજો એક વધારે મોટો ઓર્ડર મળ્યો - ૧.૫ લાખ યુનિટનો મેં થોડું સંશોધન કર્યું અને શોધી કાઢયું કે ફેડ્ડર લોઈડ દ્વારા ભારે વિસ્તૃતિકરણના પ્રોજેકટ માટે આયોજન થયેલ છે. મારી સ્વાભાવિક સૂઝના કારણે મને લાગ્યું કે કંપનીનો વિકાસ તો ચોક્કસ થવાનો જ છે, શેર ખરીદવા માટેનો આ સારો સમય છે.

તેથી કંપનીએ મને જે નાણાં અગાઉથી ચૂકવેલ તેનો ઉપયોગ મેં આ કંપનીના શેર ખરીદવામાં કર્યો. મેં કેટલાંક નાણાં મિત્રો, સંબંધીઓ પાસેથી પણ ઉછીનાં લીધાં અને કેટલાંક નાણાં જોખમ લઈને વ્યાજે આપનાર પાસેથી પણ લીધાં. મેં શેર દીઠ રૂ. ૨ ના ભાવે ૯ લાખ શેર ખરીદ્યા.

બે વર્ષમાં જ, આ શેરનો ભાવ રૂ. ૧૮૦ની સપાટીએ પહોંચ્યો અને મેં મારા બધા જ શેર વેચી નાખ્યા. દેખીતું છે કે, મેં સારો એવો નફો કર્યો, જેનો એક હિસ્સો મેં મારા ધંધાના વિસ્તૃતિકરણ માટે ઉપયોગમાં લીધો. ૧૯૯૦ની સાલ પછી, મેં મારી ફેકટરીની આસપાસની જગ્યા ખરીદવાની શરૂઆત કરી. આજે મારી કંપની ૨૦,૦૦૦ ચોરસફૂડમાં ફેલાયેલી છે અને મેં તે સંપાદન કરવા માટે રૂ. ૩ થી ૪ કરોડ ખર્ચી નાખ્યા છે.

જૈનસનમાં હવે ૭ સ્ટાફ મેમ્બર છે અને ૧૨૦૦ કામદારો છે અને ગત વર્ષનું ટર્નઓવર રૂ. ૨૦ કરોડ હતું. અમે ભારતીય તેમ જ આંતર રાષ્ટ્રીય ગ્રાહકો માટે કેબલ ટર્મીનલ એન્ડસ, ગ્લેન્ડસ અને ક્રીમ્પીંગ ટુલ્સ અને તેની એસેસરીઝનું ઉત્પાદન કરીએ છીએ.

મારા શેર રોકાણમાં વધુ નફાથી ઉત્સાહિત થઈને, મેં આ જ પ્રકારની તક શોધવા માટે નજર દોડાવી, અને ઘણી કંપનીઓ પાસે પહોંચ્યો. મારી બીજી સફળતા હતી ભૂષણ સ્ટીલ. મેં આ કંપનીના ૪૦,૦૦૦ શેર, શેર દીઠ રૂ. ૨૨ ના ભાવે ખરીદ્યા અને ત્રણ વર્ષ પછી મેં આ શેર રૂ. ૩૫૦ ના ભાવે વેચ્યા. જો કે હું આવાં ઘણાં નફાકારક રોકાણો કરતો હતો, છતાં હું આ વિષે મારું જ્ઞાન વધારવા માગતો હતો.

તેથી ૧૯૮૮ ની સાલમાં, હુ એક સ્ટોક બ્રોકીંગ કંપની સાથે જોડાયો, એશિયન સિકયુરીટી, અને ૮ થી ૯ માસ ઓનરરી કન્સલટન્ટ તરીકે કાર્ય કર્યું મેં જૈનસનની રોજે રોજની કામગીરી માટે સિનિયર સ્ટાફ મેમ્બર્સને જવાબદારી સોંપી દીધી. જો કે હું તેમને નિયમિત મળતો હતો અને તેમના હિસાબો તરફ ખાસ નજર પણ રાખતો હતો.

૧૦ વર્ષ અગાઉ, મેં ડેરિવેટિવ્સ પર મારું ધ્યાન કેન્દ્રિત કર્યું. આ સમય હતો અનુભવ મેળવવાનો, હું ૭-૮ માસ માટે દોલટ ઈન્વેસ્ટમેન્ટમાં જોડાયો. ફરી એક વાર જૈનસનની જવાબદારી સિનિયર કર્મચારીઓએ તેમના ખભા ઉપર ઉઠાવી. મારા પ્રથમ ડેરિવેટિવ્સ ટ્રેડીંગમાં મને પોતાને રૂ. ૩.૫ લાખ નફો મળ્યો. થોડા વર્ષ પછી, ઈક્વીટી બજારમાં, હું માનવા લાગ્યો કે આ ક્ષેત્રમાં સાહસ શરુ કરવા માટેની જરૂરી નિપૂણતા મેં મેળવી લીધી છે.

૨૦૦૫ ની સાલમાં, મેં સાઈ ડેરિવેટિવ્સની શરુઆત કરી બીજી એક ઓફીસ મલાડ ખાતે લીધી. મારા પ્રથમ ગ્રાહક હતા મારા જ મિત્ર કે જેઓ વર્ષોથી મારી ઈકવીટી બજારની સફળતાના સાક્ષી બની રહેલ છે. મેં રિસર્ચ અને કન્સલટન્સી સેવાઓ માટે તેમને ૧૦ ટકા ચાર્જ કરેલ હતો. હાલમાં, મારી પાસે ૧૯ થી ૨૦ ઉચ્ચ સંપત્તિ ધરાવતા ગ્રાહકો છે અને લગભગ ૨૦૦ જેટલા નાના ગ્રાહકો પણ છે.

આ જ સમયે, મેં બીજી એક બ્રોકરેજ કંપની શરુ કરી, સ્માર્ટ પ્રોફીટસ સફાઈનાન્સિઅલ કન્સલટન્ટસ. અમો કેવી રીતે ઈ મેઈલ તથા ફોન દ્વારા સલાહ આપવામાં બીજી કંપનીઓથી કેવી રીતે જુદા પડીએ છીએ તે બાબતે મારી કંપનીને બીજી કંપનીઓ સામે ઉપસાવવા પ્રયત્ન કર્યો. અમે સભ્યોને જોડાવા માટેની ફી રૂ. ૨૫૦૦ લઈએ છીએ, અને વાર્ષિક ફી રૂ. ૧૦,૦૦૦ લઈએ છીએ. અમારી પાસે ૧૮ કર્મચારીઓ છે અને ૨૦ સુશોધકો છે કે જેઓ બંને કચેરીઓમાં કાર્યરત છે. વર્ષના સમયગાળામાં, આ કંપની પાસે ૧૦,૦૦૦ સભ્યો છે. આમાંના મોટા ભાગના તો કાનો કાનઆ કંપની વિષે સાંભળીને જ આવેલ છે.

શેર માટે મારી એક માત્ર સામાન્ય પધ્ધતિ છે. હું એવી કંપનીમાં જ રોકાણ કરું કે જે કંપનીએ કુલ વાર્ષિક વિકાસ ૩૦ ટકા કરતાં વધુ કર્યો હોય, અથવા તો સેકટરમાંની ટોચની બે કંપનીઓ હોય. હું એવી કંપનીઓમાં રોકાણ કરવાનું પણ પસંદ કરૂં છું કે જેનું સંચાલન યુવાનોના હાથમાં હોય, કારણ કે તેઓ બદલાવ લાવી શકે છે.

મારું હવે પછીનું સાહસ હશે યુએસ, યુકે, સીંગાપુર અનેઓસ્ટ્રેલીયા ખાતે તેમનાં નાણાંકીય બજારોમાં સક્રીય થવા માટે બ્રોકરેજ હાઉસ ખોલવું. આ માટે, આવનાર બે વર્ષમાં હું રૂ. ૧૦૦ લાખનું રોકાણ કરવા માટે આયોજન કરી રહેલ છું.

શેર બજારની સમીક્ષા પા.નં. ૧ નું ચાલુ

દુર રહેવાનું કહેતા આવ્યા છે. તેમ નવી ખાણ નીતિને કારણે કોક ઈન્ડિયા અને અન્ય સંલગ્ન શેરોમાં ૫ ટકા જેવો કડાકો આવ્યો હતો અને આગામી સપ્તાહે વધ ધોવાણ આવશે તેમ જણાય છે.

અન્ય એક અગત્યની બાબતમાં આપણે બજાજ કોર્પ. ટાઈટન ઈન્ડ વગેરે જેવા શેરોમાં કમજોરીના લક્ષણો જોવા મળ્યા છે. મતલબ કે હવે જો આ કહેવાતા ડીફેન્સીવ અથવા રક્ષણાત્મક શેરો અને સેકટર કે જે એફ.એમ.સી. જે કન્ઝયુમર અને ફાર્મા સેકટર અને શેરો છે તેમાં જ જો ધોવાણ રહેશે તો બીજા કોઈ સેકટર મજબુત નહિ રહી શકે. ટૂંકમાં આ સેકટરમાં કમજોરીના લક્ષણો દેખાઈ રહ્યા છે અને બજારોમાં કડાકા રક્ષણ થી બચવા રોકાણકારો અને ટ્રેડરો આ શેરોનો સહારો લેવા જશે તેમને માર ખાવો પડે તેવી પરિસ્થિતિ પણ શક્ય છે. નિફ્ટી આંકમાં નિફ્ટી ફયુચર જો એક વાર ૫૨૨૦ ઉપર જઈને તે જ દિવસે અથવા તેના પછીના ૩ ટ્રેડીંગ સેશનમાં જ ૫૨૮૦ ઉપર બંધ આવે તો ૫૬૦૦ સુધી અત્યંત ઝડપી ઉછાળો આવી શકે છે.વરના ઉચ્ચાડે વેચવાલીનું વલણ બરકરાર રાખવું. કહેવાનું તાત્પર્ય એ જ છે કે પુર આવે તો ઘરમાં નુકશાન થાય છે. પરંતુ ઘણું બધુ બચી જાય છે. ભૂકંપમાં પણ એમિક સમાન અમુક બચી જાય છે. પરંતુ ભયંકર આગ લાગે ત્યારે સિમેન્ટ ક્રોકિંટ અને લોખંડ પણ બળી પીગળી જાય છે. એમ જ વૈશ્વિક મંદી અને ફાયનાન્સીયલ બજારોના કડાકા અને વાવાઝોડા ને પગલે એફ એમ સીજી કે કહેવાતા ડીફેન્સીવ સેકટરો જેમાં હાલમાં અડીખમ ઉભું રહેલુ સિમેન્ટ સેકટર પણ તૂટી જાય તો નવાઈ નહી.

ખેર, વીતેલા સપ્તાહમાં સેન્સેક્સ ૧.૮ ટકા તો નિફ્ટી આંક ૧.૫૫ ટકા વધી ને બંધ રહ્યો હતો. જયારે મિડકેપ ઈન્ડેક્સ ૧.૫ ટકા, સ્મોલકેપ ઈન્ડેક્સ ૨.૨૭ ટકા, આઈટી ઈન્ડેક્સ ૫.૮૧ટકા, ટેક ઈન્ડેક્સ ૪.૧૩ ટકા, ઓઈલ ગેસ ઈન્ડેક્સ ૨.૮ ટકા , રીયાલીટી ઈન્ડેક્સ ૨.૨૯ ટકા, એફ એમસીજી ઈન્ડેક્સ ૨.૦૬ ટકા, ઓટો ઈન્ડેક્સ ૦.૯૪ ટકા, બેન્કેકસ ૦.૮૪ ટકા, વધીને બંધ રહ્યા હતા. જયારે વૈશ્વિકતા કટોકટીમાં કડાકાને પગલે મેટલ ઈન્ડેક્સ ૪.૫ ટકા તુટ્યો હતો અને કન્ઝયુમર ડ્યુરેબલ ૪.૩૨ ટકા, કેપિટલ ગુડસ ૩.૭૭ ટકા, પી.એસયુ અને પાવર ૧ ટકા ઘટીને બંધ રહ્યા હતા. નવરાત્રી પર્વની શુભેચ્છા સહ. અસ્તુ.

બાજ નજરે પાનાનં. ૫નું ચાલુ

(૧૧૫.૮૫) :- નજીકમાં જ ૧૨૨ થી ૧૩૫...
(૩) **સત્યમ** (૫૦૦૩૭૬) (૭૦.૨૦) :- નજીકમાં જ ૭૩ થી ૭૭...
(૪) **ઈમામી ઈન્ફ્રા** (૫૩૩૨૧૮) (૩૫.૫૦) :- નજીકમાં જ ૩૯ થી ૪૩...
(૫) **અજીગોલ્ડ** (૫૧૨૨૮૯) (૭૨.૩૦) : નજીકમાં જ ૮૦ થી ૯૦...
(૬) **કર્નેક્સ** (૫૩૨૬૮૬) (૯૨.૫૦) :- નજીકમાં જ ૯૯ થી ૧૦૭...
(૭) **એસ્સાર** (૫૦૦૧૩૪) (૮૦.૫૫) :- નજીકમાં જ ૮૪ થી ૯૦...
(૮) **મેર્ક ઈલે.** (૫૦૦૨૭૯) (૧૯.૦૫) :- નજીકમાં જ ૨૧ થી ૨૩...
(૯) **એડલવેઈઝ** (૫૩૨૯૨૨) (૨૭.૮૫) :- નજીકમાં જ ૩૦ થી ૩૪...
(૧૦) **એસ્ટ્રા માઈક્રો** (૫૩૨૭૯૩) (૨૮.૯૫) :- નજીકમાં જ ૩૨ થી ૩૬...

SmartProfit
Stocks & Derivatives Consultants
Jain Estate, Jakeria Road, Malad (West) Mumbai-400064. Tel : 022-2880 2636
Email id : info@smartprofit.in ■ Website : www.smartprofit.in

# સ્માર્ટ પ્રોફીટ દ્વારા સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટસ

**નેશનલ હાઈડ્રો પાવર કોર્પોરેશન (ખરીદો)**
**બી એસ ઈ કોડ ૫૩૩૦૯૮**
**હાલનો ભાવ રૂ.૨૪.૦૦**
**લક્ષાંક : રૂ. ૪૦ (૬ માસમાં)**

નેશનલ હાઈડ્રો પાવર એ ભારત સરકારનું સાહસ છે અને દેશની સૌથી મોટી હાઈડ્રો પાવર ઉત્પાદક છે.

એન એચ પી સી (નેશનલ હાઈડ્રો પાવર લી.)ની હાલની સ્થાપિત ઉત્પાદન ક્ષમતા ૧૪ જેટલા પાવર ઉત્પાદન મથકો સાથે ૫૩૦૦ મેઘા વોટથી વધુ છે અને તેમની પાસે રૂ. ૪૦૦૦ કરોડથી વધુ કેશ સરપ્લસ છે.

૨૦૧૧ જુન અંતિત ત્રિમાસિક ગાળામાં એન એચ પી સી નો ચોખ્ખો નફો ૪૭.૧૯ ટકા વૃધ્ધિ સાથે રૂ. ૭૯૧.૦૫ કરોડ થયેલ છે જે ૨૦૧૦ના સમાન ગાળામાં રૂ. ૫૩૭.૪૨ કરોડ હતો. જુન ૨૦૧૧ અંતિત ત્રિમાસિક ગાળામાં આ કંપનીનું વેચાણ પણ ૪૦.૩૭ ટકા વૃધ્ધિ સાથેરૂ. ૧૪૩૧.૪૧ કરોડ થયેલ છે, જે ૨૦૧૦ના સમાન ગાળામાં રૂ. ૧૦૧૯.૭૧ કરોડ હતું.

ભારત સરકાર દ્વારા સ્થાપિત આ કંપની દેશમાં વિવિધ સ્થળે મળીને ૧૦ જેટલા પ્રોજેકટના બાંધકામ સાથે કાર્યરત છે જેના કારણે આ કંપની ઉત્પાદન ક્ષમતામાં ૪૫૦૨ મેઘાવોટની વૃધ્ધિ થશે. આ કંપની મ્યાનમાર ખાતે પણ બે હાઈડ્રો પ્રોજેકટ વિકસાવવા માટે આયોજન કરી રહેલ છે.

આ કંપની વર્ષ ૨૦૧૨ ના અંત સુધીમાં તેની ઉત્પાદન ક્ષમતા ૧૦,૦૦૦ મેઘા વોટ જેટલી કરવા માગે છે. જો કે ૨૦૧૨ની સાલમાં કોલસાના ભાવમાં પણ વૃધ્ધિ થાય તેવી અપેક્ષા છે, પરિણામસ્વરૂપ ઉર્જાના ભાવોમાં પણ ૨૦ ટકા વૃધ્ધીમાં જોવા મળશે. જે એન એચ પી સીના નફામાં પણ સારી એવી વૃધ્ધિ આણશે.આ ઉપરાંત સરકારશ્રી હાઈડ્રો પાવર વૃધ્ધિને વધુ પ્રાધાન્ય આપી રહેલ હોઈ તેમ જ એન એચ પી સી નો હોલ્ડ હાઈડ્રોપાવર ઉપર વધુ હોવાને કારણે અમો એન એચ પી સી નો શેર રૂ. ૨૪ ની આસપાસ ખરીદવાની ભલામણ કરીએ છીએ. આ શેરનો ૬ માસનો લક્ષાંક રૂ. ૪૦ છે.

**ફર્સ્ટ સોર્સ લી. (ખરીદો)**
**બી એસ ઈ કોડ ૫૩૨૮૦૯**
**હાલનો ભાવ રૂ.૧૨**
**લક્ષાંક : રૂ.૨૪ (૪ માસમાં)**

ફર્સ્ટ સોર્સ તે વૈશ્વિક બીપીઓ (બીઝનેસ પ્રોસેસ આઉટ સોર્સીંગ) ઉપલબ્ધકર્તા છે અને તેને આઈ એ ઓ પી દ્વારા વૈશ્વિક સ્તરની બીપીઓ કંપનીમાં ૨૫ થી નવાજવામાં આવેલ છે. આ કંપની બેંકીંગ અને નાણાકીય સેવાઓ, ટેલીકોમ અને મિડીયા તેમ જ હેલ્થકેર સેકટરની કંપનીઓને જરુરિયાત મુજબની બીપીઓ ની સેવાઓ પુરી પાડે છે. આ કંપની વેશ્વિક સ્તરે ભારત ઉપરાંત યુએસએ, યુકે, ભારત અને ફીલીપાઈન્સમાં કાર્યરત છે. તેઓ તેમના એશિયાના યુનિટનું પણ વિસ્તૃતિકરણ કરી રહેલ છે.

૨૭૦૦૦ કર્મચારીઓ સાથે આ કંપનીએ ના. વ. ૨૦૧૦-૨૦૧૧ માં ૪૮૮ મિલિયન યુ. એસ. ડોલરની આવક કરેલ. તેમના કાર્ય દ્વારા થયેલ કુલ આવકમાં એપ્રિલ-જુન ત્રિમાસિક ગાળામાં રૂ. ૫૨૩ કરોડની વૃધ્ધિ થયેલ છે. જે અગાઉના સમાનગાળામાં રૂ. ૪૯૦.૭૦ કરોડ હતી. આ કંપનીના શેરના વોલ્યુમમાં પણ વાર્ષિક ધોરણે ૬.૬ ટકા જેટલી વૃધ્ધિ થયેલ છે.

એફ એસ એલ એશિયાના બિઝનેસમાં અર્થપૂર્ણ વિકાસ કરી રહેલ છે જે હકારાત્મક રૂખ છે. જુન ત્રિમાસીક ગાળામાં તેમણે તેમના કર્મચારીઓમાં ૨૫ ટકા એટલે કે ૩૦૦૦ નવા કર્મચારીઓની ભરતી કરેલ છે.

આ કર્મચારીઓમાં થયેલ વૃધ્ધિ એફ એસ એલના વિકાસ ઉપર પ્રકાશ પાથરેછે જે આવનાર ત્રિમાસિક ગાળામાં પરાવર્તિત થશે.

ભૌગોલિક વિકાસ સાથે તેમની ક્ષમતામાં તેમ જ કાર્યબોજમાં વધારાને કારણે એફ એસ એલ ઝડપથી વિકાસી રહેલ છે તેથી અમે આ શેર ચાર માસમાં રૂ. ૨૪ ના લક્ષાંકથી ખરીદવા ભલામણ કરીએ છીએ.

**નેવેલી લીગ્નાઈટ (ખરીદો)**
**હાલનો ભાવ રૂ.૮૨**
**લક્ષાંક : રૂ.૧૫૦ (૩ માસમાં)**

એન એલસી લીગ્નાઈટ માઈનીંગના ધંધા સાથે સંકળાયેલ સરકારશ્રીની માલિકીની ભારતીય કંપની છે, જેમાં સરકારશ્રી ૪૯ ટકા હિસ્સો ધરાવે છે અને આ કંપનીનું સંચાલન કોલ મીનીસ્ટ્રી દ્વારા કરવામાં આવે છે એપ્રિલ ૨૦૧૧માં આ કંપનીને સરકારશ્રી તરફથી 'નવરત્ન' તરીકેનો ખિતાબ આપવામાં આવેલ છે. એન એલ સી ૫૪ ચો.કિ.મી. કોઈમી કરતાં વધારે ક્ષેત્રમાં ફેલાયેલી છે, જેમાં નેવેલી ટાઉનશીપ અને ૩૨ બ્લોકની હંગામી કોલોનીનો સમાવેશ થાય છે. આ કંપની ભારતમાં સૌથી મોટી લીગ્નાઈટની ખાણ ધરાવે છે અને આ ખાણો વાર્ષિક ૨૪૯૦ કરોડ ટન ફયુઅલ લીગ્નાઈટ દ્વારા વાર્ષિક ૨૪૯૦ મેઘાગોટની સ્થાપિત વિજ ઉત્પાદન ક્ષમતા ચાલે છે.

એન એલ સી હવે રાજસ્થાનમાં લીગ્નાઈટની ખાણો તેમ જ થર્મલ સ્ટેશન સાથે તેના પ્રોજેકટનું વિસ્તૃતિકરણ કરી રહેલ છે. ૩ મોટી ખાણો ચેન્નાઈ ખાતે બહોળા પ્રમાણમાં મીઠું પાણી પુરું પાડી રહેલ છે. ધી તમીલનાડુ ઈલેક્ટ્રીસીટી બોર્ડ પણ નેવીલી લીગ્નાઈટ કોર્પોરેશન લી. (એન એલ સી) સામે બે પ્રોજેકટ માટે સંયુક્ત સાહસ ધરાવે છે, જેમાં એક દક્ષિણ તમિલનાડુ ખાતે આવેલ ટુટીકોરીન ખાતે આવેલા રૂ. ૪૦૦૦ કરોડનો ૧૦૦૦ મેઘા વોટનો કોલસા આધારિત પ્રોજેકટ અને રૂ. ૫૦૦૦ કરોડના ૧૦૦૦ મેઘા વોટના જયમકોન્ડમ લીગ્નાઈટ પાવર પ્લાન્ટના પ્રોજેકટ નો સમાવેશ થાય છે. આ ઉપરાંત આ કંપની સ્વચ્છ કોલસાની ટેકનોલોજી વિકસાવવા પણ કાર્યરત છે જેવી કે એકસ્ટ્રેકશન ઓફ કોલ બેડ મીજેન (સીબીએમ) અને અન્ડરગ્રાઉન્ડ કોલ ગેસ ઈન્ફેકશન, અને આ માટે આ કંપનીએ કેટલાંક પગલાં પણ લીધેલ છે.

આ કંપનીની **કુલ આવક** જુન ૩૦, ૨૦૧૦ અંતિત ત્રિમાસિક ગાળા દરમ્યાન રૂ. ૧૨૫૮ હતી તે જુન ૩૦, ૨૦૧૧ અંતિત ત્રિમાસિક ગાળામાં વધીને રૂ. ૧૪૨૫ કરોડ નોંધાયેલ છે આ આ સમયગાળા દરમ્યાન તેમની આવકોમાં ૧૩.૨૮ ટકા વૃધ્ધિ નોંધાયેલ છે.

નેવેલી લીગ્નાઈટ તે એક ઓપન કાસ્ટ મકેનાઈઝડ લીગ્નાઈટ ખાણ છે. આ કંપની તમિલનાડુ ઈલેકટ્રીસીટી બોર્ડ સાથે ૫૦ ટકાનું સંયુક્ત સાહસ ધરાવે છે, અને આ કંપનીએ આ સાહસમાં ૨૦૧૭ ની સાલ સુધીમાં વિજ ઉત્પાદન અને ખાણની ક્ષમતામાં વૃધ્ધિ કરવા માટે રૂ. ૩૬,૯૦૦ કરોડનું વધુ રોકાણ કરવા માટેની જાહેરાત પણ કરેલ છે. આ ઉપરાંત આ પાવર પ્રોજેકટ બીજા બળતણનો ઉપયોગ કરીને વિકસાવવા માટેનું આયોજન છે. આ ઉપરાંત આ કંપની તમિલનાડુ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ ખાતે પાવર પ્લાન્ટ સ્થાપવા માટે રૂ. ૪૦,૨૦૦ કરોડનું રોકાણ કરવા માટે આયોજન કરી રહેલ છે.

કોલસા આધારિત , પવનચક્કી આધારિત તેમ જ સોલાર પાવર ઉત્પાદન પ્રોજેકટ દ્વારા વિજ ઉત્પાદનના પ્રોજેકટનું મજબૂત વિસ્તૃતિકરણ અને વૈવિધ્યકરણના આયોજનના કારણે આ કંપનીની કેશબૂક વધુ મજબૂત બનનાર છે.

અમો આ કંપનીનો શેર હાલના રૂ. ૮૨ ના ભાવે ખરીદવા ભલામણ કરીએ છીએ. લક્ષાંક છે માત્ર ૫ માસમાં રૂ. ૧૫૦ અને વધુ.

**ટાટા કોમ્યુનિકેશન (ખરીદો)**
**હાલનો ભાવ રૂ.૧૯૨**
**લક્ષાંક : રૂ.૨૫૦ (૨ માસમાં)**

ટાટા કોમ્યુનિકેશન લી. તેની વૈશ્વિક સબસીડીઅરીઝ (ટાટા કોમ્યુનિકેશન) સંદેશાવ્યવહારની નવી દુનિયા ઉપલબ્ધ કરાવતી વૈશ્વિક અગ્રણી કંપની છે. ટાટા ગ્લોબલ નેટવર્કનોખૂબ જ અદ્યતન અને મોટામાં મોટા સબમરીન કેબલ નેટવર્કમાં સમાવેશ થાય છે. એ ટાયર -૧ આઈ પી નેટવર્ક, ૨૦૦ કરતાં વધારે દેશોમાં ૪૦૦ પીઓપીસ સાથે જોડાણ ધરાવે છે અને ૧૦ લાખ ચોરસફૂટ વધારે ડેટા સેન્ટર માટેની જગ્યા ધરાવે છે. આ કંપની તેની ૪૦ દેશોમાં આવેલી ૯૦ કચેરીઓ દ્વારા તેના ગ્રાહકોને સેવાઓ ઉપલબ્ધ કરાવે છે.

આ કંપની પ્રથમ નંબરની વૈશ્વિક આંતર રાષ્ટ્રીય જથ્થાબંધ વોઈસ ઓપરેટ કંપની છે તેમ જ ભારતની આંતરરાષ્ટ્રીય લાંબા અંતરના, એન્ટરપ્રાઈઝ ડેટા અને ઈન્ટરનેટ સેવાઓ ઉપલબ્ધ કરાવનાર કંપની તરીકેનું સ્થાન ધરાવે છે. વર્લ્ડ કોમ્યુનિકેશન એવોર્ડમાં આ કંપનીને 'બેસ્ટ હોલસેલ કેરીયર' તરીકે નવાજવામાં આવેલ છે અને તેને 'બેસ્ટ પાન એશિયન હોલસેલ પ્રોવાઈડર' તરીકે નામાંકિત કરવામાં આવેલ છે.

ટાટા કોમ્યુનિકેશન લી. ૬૭૪૦ કરોડ ડોલરની ટાટા કંપનીનો એક હિસ્સો છે અને તે મુંબઈ સ્ટોક એક્ષચેંજ તેમ જ તેનશનલ સ્ટોક એક્ષચેંજ ઓફ ઈન્ડિયા ખાતે નોંધાયેલ છે અને તેથી એડીઆર ન્યુયોર્ક સ્ટોક એક્ષચેજ (એન વાય એસ ઈ : ટી સી એલ) ખાતે નોંધાયેલ છે.

એપ્રિલ - જુન, ૨૦૧૧ દરમ્યાનના ત્રિમાસિક ગાળા દરમ્યાન આ કંપનીનીની આવકો અગાઉના સમાન ગાળાની આવકો રૂ.૨૯૦૦.૪૪ કરોડની સરખામણીમાં વધીને રૂ. ૩૨૯૪.૩૩ કરોડ થયેલ છે.

ટાટા કોમ્યુનિકેશને તેનો મૂખ્ય હોલસેલ વોઈસ બીઝનેસનું વૈવિધ્યકરણ કરવા માટે સભાનતા પૂર્વક પ્રયાસ કરેલ છે અને ઉચ્ચતમ નફો ધરાવતો ગહન ધંધો સ્થાપિત કરેલ છે.

અમો એવું મંતવ્ય ધરાવીએ છીએ કે લાંબાગાળાનું રોકાણ કરવા માટે આ શેર ખૂબ જ સારો છે અને હાલની નોંધનીય બજારમાં રોકાણની તક અનુસાર આ શેર લગભગ ૪૦ ટકા જેટલો ઉપર થાય તેવી પુરી શકયતાઓ છે.

અમો આ શેર ને હાલના ભાવે એટલે કે રૂ. ૧૯૨ ની આસપાસ ખરીદવા ભલામણ કરીએ છીએ, ૨ માસમાં આ શેરનો ભાવ રૂ. ૨૫૦ જોવા મળી શકે.

નવા ઇસ્યુ - પાના નં. ૨નું ચાલુ

કંપનીની કુલ આવકો રૂ. ૪.૨૭ કરોડ અને ચોખ્ખો નફો રૂ. ૧.૧૫ કરોડ હતો. લાંબા ગાળાની મૂડીમાં વૃધ્ધિના અભાવે અગાઉના વર્ષની સરખામણીમાં આ કંપનીના પ્રોફીટ માર્જીનમાં ૨૭ ટકા ઘટાડો થયેલ છે. શેર દીઠ કેપિટલાઈજેશનના કારણે ઈકવીટીબેઈઝ વધારવા માટે જુલાઈ ૨૦૧૦માં ૨:૧ના પ્રમાણમાં બોનસ શેર ઈસ્યુ કરવાને કારણે થયેલ છે. હાલમાં આ કંપનીએ રૂ. ૭૦ થી ૮૪ ના ભાવે શેર ઓફર કરેલ છે જે ના. વ. ૨૦૧૧ની કમાણી મુજબ આશરે ૨૫ પીઈ રેશિયોથી મળી રહેલ છે. આ કંપની આ ક્ષેત્રની ખૂબ નાની ખેલાડી છે, હાલમાં શેર બજારમાં પણ ભારે ચંચળતા છે, આ કારણે રોકાણકારો પણ બજારથી દૂર જઈ રહેલ છે તેમ જ આ ક્ષેત્રમાં ધંધાકીય હરિફાઈ પણ ભારે છે અને આ કંપનીએ મોટા ખેલાડીઓ જે રાષ્ટ્રીયસ્તરે વ્યાપ ધરાવે છે તેમની સાથે હરિફાઈ કરવાની છે. આ રીતે જોઈએ તો આ આઈપીઓનો ભાવ જ વધારે લાગે છે. શકય છે કે ઈસ્યુ પછી આ શેર આ ભાવથી પણ નીચા ભાવે મળી શકે. આ શેરમાં અરજી કરી શકાય નહીં. હાલમાં આ શેરની કિંમત જ રૂ. ૨૦ થી ૨૫ જણાય છે. કૃત્રિમ રીતે ભાવ વધે તે નકારી શકાય નહીં, પરંતુ આ શેરમાં રોકાણ કરી શકાય નહીં.

# ઓક્ટોબર મહિનામાં બજાર નબળું રહે

મિત્રો
જય જલારામ
સપ્તાહનાં છેલ્લા દિવસે માર્કેટ શા માટે ઘટ્યું તે આપ સૌ જાણો છો માટે નામ જોગ વાત કરવાની જરૂર નથી. આ દેશમાં કંસની સંખ્યા વધી રહી છે. અને કૃષ્ણ જન્મની ફરી જરૂરિયાત ઉભી થઈ છે. દેશના નેતાઓ ઉદ્યોગપતિઓ કર્મચારીઓ વિગેરે જે પ્રકારે દેશને ફોલી ખાય છે તે હિસાબે દેશમાં આમૂલ ક્રાન્તિની જરૂર ઉભી થઈ છે વિદેશી બેંકોમાં બેનામી નાણા રોકતાં લોકોને ફાંસીને માંચડે ચઢાવો પછી ભલે તે ગમે તેટલો મોટો ચમરબંધી હોય. સાંઠ ગાંઠ રૂપે સરકારે બચાવવા સોદારૂપે રાજાને બલીનો બકરો બનાવાયો ? રાજા અનેક વખત કહી ચૂક્યો છે કે ૨૯ કૌંભાંડનો નિર્ણય બધાને ખબર હતો અને વડાપ્રદાનની ઓફિસ પળે પણથી અને રજે રજથી માહિતગાર હતી. છતાં આપણા સંત વડાપ્રધાન ભ્રષ્ટાચારી પ્રધાનોને છાવરતા બેઠા છે તેનું કારણ શું ? રેલો હવે તેમના મંત્રાલય સુધી પહોંચ્યો છે. શ્રી અન્ના હજારેએ હવે વિશાળ પાયા ઉપર યુ.પી.એ. સરકારનાં ઘટક પક્ષોનાં મંત્રીઓ અને લોકસભાના સભ્યો સામે ઘેર ઘેર આંદોલન ઉભા કરી તેમને રાજીનામા આપવા મજબૂર કરવા જોઈએ. નિર્લજ લોકો સામે વિરોધનાં હથિયારો નહીં ચાલે આ શરમ નેવે મુકેલા કુપતારો છે જે દેશની આઝાદી માટે અપાયેલા બલિદાનોને તથા લોકશાહીને બજાવે છે. શુક્રવારે બજારને ઉંધે માથે પાડવામાં આપણા ગુજરાતી હીરોએ મોટો ભાગ ભજવ્યો. શ્રાદ્ધ પક્ષ પુરો થયો. પિત્રુઓ પીંડ લેવા હવે આવતા નથી. કાગડાઓ પોતાનાથી ખરાબ લોકોનાં અન્નને અડકવાની ના પાડે છે.
શુક્રવારે સૌથી વધુ ઘટેલા શેરોની યાદી

### શુક્રવારે સૌથી વધુ ઘટેલા શેરોની યાદી

| કંપનીનું નામ | છેલ્લો બંધ | ઘટાડો | % | ટીપ્પણી |
|---|---|---|---|---|
| રિલાયન્સ કેપીટલ | ૩૧૨-૨૦ | -૪૭-૩૫ | -૧૩.૧૭ | એ.ડી.એફ. ગ્રુપ |
| રિલાયન્સ કોમ્યુ. | ૭૧-૪૦ | -૬.૨૦ | -૭.૯૯ | એ.ડી.એફ. ગ્રુપ |
| રિલાયન્સ ઈન્ફ્રા | ૩૭૪-૦૦ | -૨૯-૩૦ | -૭.૨૭ | એ.ડી.એફ. ગ્રુપ |
| નીફટી | ૪૯૪૩-૨૫ | -૭૨-૨૦ | -૧.૪૪ | નથી |

હાલમાં જે રીતે તપાસોના દોર છૂટ્ટો મૂકવામાં આવ્યો છે અને જે રીતે નવી નવી વાતો બહાર આવી રહી છે તે ઉપરથી અનેક વાતો ફલિત થાય છે સરકારનો ઈરાદો એવો દેખાય છે કે પ્રજાને લાગે બીજા ઘણાં પણ ભ્રષ્ટાચારીઓ છે. પ્રધાનો એકલા નથી. પ્રધાન મંડળની ''સામુહિત જવાબદારી'' વિષે વિપક્ષમાંથી કેમ કોઈ બોલતું નથી ? અત્યારે રથયાત્રાઓ કાઢવાનો સમય નથી પરંતુ મરદાનગીથી પ્રજાને જગાડવાનો સમય છે શ્રી જય પ્રકાશ નારાયણ જેવા મોટા ગજાનાં નેતાની જરૂર છે નહી તો આ કુપાતરો દેશને ડૂબાડી દેશે.
છેલ્લા સાત દિવસનાં વિદેશી સંસ્થાક્રિય ફંડોની ગતિવિધિ તપાસીએ તો પાંચ દિવસ તેઓ નેટ વેચવાલ રહ્યા છે અને ૪૩૫૮-૬૦ કરોડનો માલ વેચ્યો છે જ્યારે બે દિવસમાં નજીવી ખરીદી કરી છે જે ૨૧૯-૦૫ કરોડની જ છે એક તો કંપનીઓ કાચા માલના ભાવ વધારાને લીધે નફો જાળવી શકતી નથી તેમાં સરકારને મોંઘવારી ધટાડવાની જરા પણ પડી હોય તેવું લાગતું નથી. ક્યાંથી પ્રજાનું લોહી પીવાય, ક્યાં નવા કરવેરા નંખાય ત્યાં જ ધ્યાન કેન્દ્રીત થતું લાગે છે. સરકારનું વલણ હડકાયા કુતરા જેવું થઈ ગયું છે જેને શાન ભાન કે શરમનો છાંટો ય ન હોય. જો આવું જ ચાલ્યું તો અંગ્રેજો સામે પ્રજાએ બળવો પોકાર્યો હતો તેનાથી પણ પ્રચંડ બળવો પ્રજાકિય જાગૃતિ દ્વારા થશે. લોકો સ્વયંભૂ બાગદોર હાથમાં લઈ લેશે ત્યારે કાયદો અને વ્યવસ્થા નહીં જળવાય અને નેતાઓને ઘરની બહાર નિકળવામાં ફાંફા પડી જશે. આવું ન થાય તે માટે સરકારે પ્રજાની પીડા પ્રત્યે હવે ધ્યાન આપવું અત્યંત જરૂરી બન્યું છે.
અમે ઓક્ટોમબર મહિનામાં કંપનીઓના પરિણામો નબળા આવશે તેવી ધારણા

રાખીએ છીએ જે બજારને ધરાશાયી કરવાનું એક કારણ બની શકે. વિદેશી ફંડો ધીમે ધીમે પોતાની મૂડી શેરવી લે અને બજારને ધરાશાયી કરી નાંખે તે શક્ય છે. ડોલર સામે રૂપિયો ગગડી રહ્યો છે. સોના ચાંદીના આસમાને પહોંચેલા ભાવ

## કલમ કોટકની



**શરદ કોટક**
**મો. ૯૮૨૫૦૬૮૨૧૧**
Skotak@KI-TRADE.com
WWW.KI-TRADE.COM

સટ્ટો, તૂટતા જમીન પર આવી રહ્યા છે. અમે ગયા સપ્તાહે જ આપને સ્પષ્ટ શબ્દોમાં જણાવેલ કે સોના ચાંદીનો સટ્ટો વિખેરાઈ જાશે અને ભાવો ક્રેશ થઈ જશે.
અનિલ અંબાણી ગ્રુપનાં શેરો તળિયે પહોંચ્યા છે અને હજી ધરખમ ઘટાડો આવવાની શક્યતા છે. આ ભાઈને કોઈ સમજાવે કે ભઈલા તમારી કંપનીઓમાં જેટલાં તમે પૈસા રોક્યા છે તેનાથી અનેક ઘણા પૈસા અમારા તમારા જેવા રોકાણકારોની લોહી-પાણી એક કરીને લગાવેલા પૈસાનું રોકાણ છે. પ્રજાનાં પૈસા લેતી વખતે નિતિ નિયમો પાળવા જરૂરી છે. તમે ફક્ત ટ્રસ્ટી છો અને પ્રજાનો વિશ્વાસ ઉઠી જશે તો અબજો રૂપિયામાં મહેલોમાં પણ ઉંધ હરામ થઈ જાશે. સામે મળશે તો લોકો મોઢું ફેરવી લેશે.
વાર્ષિક ધોરણે નીફટી ૧૭.૪૯% તથા માસિક ધોરણે નીફટી ૧.૧૫% ઘટેલી છે પોઈન્ટરની દ્રષ્ટિએ વરસમાં નીફટી ૧૩૯૫ પોઈન્ટ ઘટી ગઈ છે અમને આશા હતી કે સારા ચોમાસા થકી બજાર હવે થોડો થાક ખાશે અને ઘટવાનું બંધ કરશે. પરંતુ આ કૌભાંડકારીઓ પ્રજાને ચૂંથી નાંખવા બેઠા હોય ત્યારે બજાર ક્યાંથી વધે ? હવે ૪૭૫૨ અને ૪૫૫૦ નાં આંક અમને દેખાવા મંડ્યા છે અને કોઈ કાળમૂખો મોટો ઉદ્યોગપતિ કાળા કર્મોને લીધે તિહાર જેલની હવા ખાવા જાય તો નીફટી ૪૧૨૦ સુધી નીચે ખાબકી પડશે તે નોંધી લેશો. લાંબા ગાળાનું રોકાણ સપને પણ ન વિચારશો. ભલે બજાર ઉપર જતી દેખાય તમે તમારી મૂડી સાચવજો નહીં તો રોવાનો વારો આવશે. ભારત હવે દેવ ભૂમી રહ્યો હોય તેવું લાગતું નથી. કાશી જાવ તો દરેક ગલી ગંધાતી થઈ ગઈ છે. પવિત્ર ગંગાજી નહાવા જેવી પણ નથી રહી. ધર્મસ્થાનોમાં હવે રક્તપિતીયાઓ ઉભરાતા જોવાય છે. ગાંજા ચલમ અને ડ્રગ પીતાં અને પાઘડી આપીને ભીખ માંગવાની જગ્યા ખરીદતાં જોવાયા છે. ઈશ્વર આવી પરિસ્થિતિમાં મંદિરમાંથી બહાર નિકળતો હોય તેવું લાગતું નથી. કોલેજો હવે લૂંટનું સાધન બન્યું છે. હોસ્પિટલોમાં મોટા ભાગે તમારા ખીસાને કાતરવાનો ધંધો થઈ ગયો છે. સરકારી કોલેજો સિવાય બાળકને ભણાવવાનું મુશ્કેલ થતું જાય છે. રસ્તે ચાલતાં ચેનની ચીલ ઝડપ થાય છે અને ટ્રેનોમાં મુસાફરોને ઘેનની દવા આપી લુંટી લેવાય છે. લૂંટારાઓને એટલી પણ શરમ નથી કે માફકસરનું ઘેન કરાવે. પેસેન્જર બિચારો સંપત્તિ, પૈસાતો ખોવે છે. પરંતુ જાન પણ જોખમમાં મુકાઈ જાય છે. ગાંધીજીએ આવી લોકશાહીની કલ્પના નહીં કરી હોય . આટલો કાળો કેર, ઠેર ઠેર ગંદકી, ઉભરાતી ગટરો, ફૂટ ફૂટનાં

રસ્તામાં ખાડા, કૌંભાડો છતાં શું જોઈને નેતાઓ ગાંધીજીની સમાધીએ જતાં હશે ? શેર બજારની વાતો તો આપણે કાયમ કરીએ છીએ પરંતુ આ જીવન બજારમાં ઝેર ધોળાયું છે તે વિષે પણ આપણે હવે આંખ ઉઘાડવાની જરૂર છે. વારંવાર આવા નેતાઓને જીતાડવાની ભૂલ કરીશું તો હવે ઈશ્વર પણ આપણને માફ નહીં કરે.
સપ્તાહ દરમિયાન સેન્સેક્સ ૨૯૧ અને નીફટી ૭૫ પોઈન્ટ વધ્યો છે પરંતુ આ વધારો છેતરામણો અને ટકી જાય તેવો નથી. ૨૭ સપ્ટેમ્બરે નીફટી ૧૩૫.૮૫ પોઈન્ટ વધી તથા ૨૯ તારીખે ખોટી રીતે ૬૯.૫૫ પોઈન્ટ વધી. આ બન્ને દિવસે સેન્સેક્સ અનુક્રમે ૪૭૨.૯૩ અને ૨૫૨.૦૫ પોઈન્ટ વધ્યો. આખા મહિના સુધી ખેલંદાઓએ તમને રમાડ્યા અને મહિનાને અંતે જ્યાં હતા. ત્યાં મૂકી દીધા ગયા મહિનાનાં છેલ્લા દિવસે નીફટી ૫૦૦૧ પર માંડ માંડ બંધ આવી છેલ્લા બે દિવસમાં અનુક્રમે ૧૭૧.૮૦ અને ૮૧.૪૦ પોઈન્ટના વધારા થકી આ આંક આવ્યો અને ફરી એ જ ખેલ ફ્યુચર એકસ્પાયરીના છેલ્લા બે દિવસમાં અનુક્રમે ૫૬૭.૫૦ અને ૨૬૦.૪૨ નો વધારો થયો. આ વધારો આપણને મૂર્ખ બનાવવા ઓપરેટરોએ ખેલ્યો જેથી આપણે બજાર છોડીને ભાગી ન જઈએ. માસીક ધોરણે સરવાળે બજાર ઘટતી ચાલી છે દરેક મહિનાને અંતે બજાર ક્યાં હતું તે છેલ્લા ઉપરનાં કોષ્ટક પરથી સ્પષ્ટ તારણ આવે છે કે બજાર ધીમે ધીમે ઘસાઈ રહ્યું છે ખેલંદાઓ એક સાથે બજારને પડવા નથી દેતા પરંતુ ધીમે ધીમે તમારું લોહી ચૂંસે છે આપણે આશામાંને આશામાં બજારમાં પડી રહીએ છીએ પરંતુ ધીમે ધીમે મૂડી ઘસાતી જાય છે. આ રિબાઈ રિબાઈને મરવા જેવી ગતી છે. માટે

### મહિનાના અંતે બજાર ક્યા હતું તે આકડાકીય તપાસ

| તારીખ | સેન્સેક્સ બંધ | નીફટીબંધ |
|---|---|---|
| ૩૦-૦૬-૨૦૧૧ | ૧૮૮૪૫-૮૭ | ૫૬૪૭-૪૦ |
| ૨૯-૦૭-૨૦૧૧ | ૧૮૧૯૭-૨૦ | ૫૪૮૨-૦૦ |
| ૩૦-૦૮-૨૦૧૧ | ૧૬૬૭૬-૭૫ | ૫૦૦૧-૦૦ |
| ૩૦-૦૯-૨૦૧૧ | ૧૬૪૫૩-૭૬ | ૪૯૪૩-૨૫ |

બજારને મૂલવવી રહેવા દો. અનુમાન બાંધવાનું બંધ કરો અને પાણીનું વહેણ જે તરફ વહે તે તરફ તરવાનું શીખી જાવ તો જ ફાવશો. મોટા નફાની લાલચ ભલે રાખો પરંતુ નાની ખોટમાં સંકેલો કરતાં પણ શીખી જાવ.
ફરી જણાવીએ કે એ.ડી.જી. ગ્રુપનાં માઠા સમાચારને રદિયો આપતાં કોઈ શુભ સમાચાર રજાઓમા ન આવે તો સોમવારે આ બંધાજ ઘટેલા શેરની માથે ચઢી બેશો. રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રકચર ૭.૨૭% એકજ દિવસમાં ઘટ્યો છે અને બંધ ભાવ ૩૭૪ આવ્યો છે. ૪૦૦ પાર ન કરે તો ફરી એટલા જ ટકા સોમવારે ઘટી શકે. અને ૩૫૦ આવી શકે. ટીવી જોતા રહો અત્રે આપેલ કોષ્ટક ધ્યાનમાં રાખો. ઘટાડે લેણ ન કરતાં અને વધારે શોર્ટ ન કરતાં શેરની દિશા તરફ જ આગળ વધજો.
બજાર એક જ દિશામાં જશે તો આ સૌથી સલામત લેવલ છે. જે આવ્યે જ છૂટકો. રેનબક્ષીમાં અમે ૪૯૦ ઉપર લેણ હતા અને શુક્રવારે નફો બુક કરી લીધો છે.

### થોડાક નીફટીનાં ધ્યાનમાં રાખવા જેવા પુટ

| સ્ટ્રાઈક | બંધભાવ | એકસ્પાયરી |
|---|---|---|
| ૪૮૦૦ | ૧૦૭-૦૦ | ઓક્ટોબર - ૨૦૧૧ |
| ૪૭૦૦ | ૭૯-૭૫ | ઓક્ટોબર - ૨૦૧૧ |
| ૪૬૦૦ | ૬૦-૦૦ | ઓક્ટોબર - ૨૦૧૧ |
| ૪૫૦૦ | ૪૧-૭૫ | ઓક્ટોબર - ૨૦૧૧ |

નીફટી બંધ - ૪૯૪૩-૨૫ નીફટીમાં સૌ પ્રથમ ૪૮૨૭ નો નાનકડો સપોર્ટ ધ્યાનમાં લો. એ તૂટે તો આવતા મહિને નીફટી પર સપ્તાહનો નવો લો બનાવશે તે નોંધી લેવું.
નીફટીમાં પ્રથમ રેસિસ્ટન્સ લેવલ ૫૦૬૦નો ધ્યાનમાં રાખવો એ કુદવતાં ૫૧૭૦ આસપાસ ટૂંકાગાળાની નીફટીની ઉપરની ચાલ પુરી થાય. ઓક્ટોબર મહિનો ત્રિમાસિક હિસાબનો મહિનો છે તેજી બજારમાં કંપનીઓનાં ત્રિમાસિક પરિણામો પ્રમાણે બજાર ચાલશે પરંતુ કોઈ મોટા વધારાની શક્યતા અમને નથી દેખાતી કે ખાસ સારા પરિણામોની શક્યતા પણ નથી કાચામાલમાં ભાવ વધારા થકી કંપનીઓનાં ઘટાડો જ થવાનો છે વળી સરકારમાં કૌરવો જેવા ઘાટ છે માટે સાવચેતી રાખવી.
ઓક્ટોબર મહિનાનો નીફટીનો ૪૮૦૦નો પુટ ૧૦૭ ઉપર બંધ આવ્યો છે તથા ૫૦૦૦ નો કોલ ૧૧૫ ઉપર બંધ આવ્યો છે સોમવારે નીફટી ઉપર જાય તો અને બજાર પોઝીટીવ રહે તો ૫૦૦૦નો કોલ ૧૭૦ પાર કરી જશે અને બજાર હજી વધારે ઘટે તો ૪૮૦૦ નો પુટ ૧૫૦ પાર કરી જશે તે ધ્યાનમાં રાખશો.
થોડાક નીફટીનાં ધ્યાનમાં રાખવા જેવા પુટ
અમે શું કહેવા માંગીએ છીએ તે સમજદાર સમજી ગયા હશે. આવતા અઠવાડિયે આ જ પુટ ની ફરી ચર્ચા કરીશું. કોલ અને પુટમાં રમવું અઘરું છે અને આખા અઠવાડિયાના ભાવનું પ્રીડીકશન કરવાનું મુર્ખામી ભર્યું કહેવાય. દરેક મીનીટે એમાં વધઘટ થતી હોવા માટે તમે પાટીયા સામે બેઠા હોય તો જ કોલ-પુટ માં રમવું નહીં. તો ધોવાઈ જાવ.

### ઘટાડે લેણ ન કરતા અને વધારે શોર્ટ ન કરતા શેરની દિશા

| શેર | બંધભાવ | સ્પોર્ટ | રેસીસ્ટન્સ |
|---|---|---|---|
| રિલાયન્સ કેપીટલ | ૩૧૫ | ૨૮૯ | ૩૬૦ |
| રિલાયન્સ ઈન્ફ્રા | ૩૭૩ | ૩૫૦ | ૪૦૬ |

### થોડાક બીજા શેરનાં સાપ્તાહિક લેવલ પણ નોંધી લો

| શેરનું નામ | બંધભાવ | સાપ્તાહિક સપોર્ટ | સાપ્તાહિક રેસિસ્ટન્સ |
|---|---|---|---|
| રેનબક્ષી લેબ | ૫૧૩ | ૪૮૦ | ૫૩૩ |
| I.C.I.C.I | ૮૭૫ | ૮૩૯ | ૯૦૪ |
| લારસન | ૧૩૫૭ | ૧૩૧૦ | ૧૪૪૨ |
| સ્ટેટ બેંક | ૧૯૧૧ | ૧૮૬૩ | ૧૯૯૭ |
| એક્સીસ બેંક | ૧૦૧૯ | ૯૮૧ | ૧૦૯૫ |

### સાપ્તાહિત વધઘટ

| | ૨૩.૦૯-૨૦૧૧ | ૩૦.૦૯-૨૦૧૧ | +- |
|---|---|---|---|
| સેન્સેક્સ | ૧૬૧૬૨/૦૯ | ૧૬૪૫૩/૭૬ | +૨૯૧.૬૭ |
| નીફટી | ૪૮૬૭/૭૫ | ૪૯૪૩/૨૫ | +૭૫.૫૦ |

### નોંધ : NIFTY

નોંધ : નીફટી વિષે અમે ગયા અઠવાડિયે જણાવેલ કે ૪૭૫૨ નો સપોર્ટ આવવાનો બાકી છે તથા પ્રથમ પાને હેડ લાઈન આપેલ કે ૪૭૫૨ ટકી રહેતો થોડાક ઉછાળો આવે.
સપ્તાહ દરમિયાન સોમવારે નીફટીએ ૪૭૫૮/૮૫ નો સાપ્તાહિક બોટમ બનાવી અને જણાવ્યા મુજબ ઉછાળો આવ્યો અને ૫૦૦૦ ઉપર ત્રણ વખત જઈ આવી. સપ્તાહનો ઉચ્ચાંક ૫૦૩૪/૨૫ રહ્યો. આમ ૨૭૬ પોઈન્ટનો ઉછાળો આવ્યો.
નીફટીમાં માસિક ધોરણ માટેના લેવલની અમે ગયા અંકમાં હીન્ટ આપી હતી તે ફરીથી વાંચી જવી અને ધ્યાનમાં રાખવી.
૨. સ્ટેટ બેંક અમે અમારા કોલમને અંતે સ્ટેટબેંક વિષે જણાવેલ કે ૧૯૫૦ તો ન્યુટ્રલ બંધ છે અને શોર્ટ કવરીંગ થતું હોવાનું જણાવી ૨૦૨૨ અને ૨૦૮૭ નાં લેવલ ધ્યાનમાં રાખવા જણાવેલ. મંગળવારે ૨૦૦૬-૯૦નું ટોપ બનાવી ૧૯૯૭/૩૦ નો બંધ આવ્યો અને બુધવારે ૨૦૧૨-૭૦નો ટોપ બન્યો.
આમ ૬૨ રૂપિયાનો ઉછાળો પ્રથમ બે દિવસમાં ૧૯૧૧નો.
આ સપ્તાહે નબળો બંધ આવ્યો છે ૧૯૧૧ નો ૧૯૪૭ ઉપર બંધ ન આપી શકે તો પ્રથમ ૧૮૬૭ નો ટારગેટ આવે અને ત્યાર બાદ ૧૮૨૭ સુધી નીચે જવાની શક્યતા ઉભી છે.
આઈ.સી.આઈ.સી. બેંક
બંધ ભાવ : ૮૭૫
આ શેર પણ સપ્તાહ દરમિયાન ૮૯૭ ટોપ બનાવી ૯૦૦ પાર ન કરી શકતાં નબળાઈ દેખાડે છે પરંતુ સાપ્તાહિક સપોર્ટ લેવલ ૮૬૮ નો બને છે. સપોર્ટની બહુ નજીક બંધ આવ્યો છે તેથી ટ્રેડીંગ માટે ધ્યાનમાં રાખી શકાય.
સપ્તાહ દરમિયાન ૯૦૪ પારકરે તો ૯૩૭ આસપાસ વેચવાલી આવે અને ૮૫૭ તોડે તો નબળાઈ થકી પ્રથમ ૮૪૦ અને ત્યારબાદ ૮૧૭ નો ભાવ દેખાડે. ઉપરમાં જગ્યા ઓછી છે જ્યારે નીચે ઘટવાની લાંબી જગ્યા છે માટે ટ્રેડીંગ માટે ધ્યાનમાં લઈ શકાય.

## સોનું ખરીદો

### એસ્ટ્રોમની ગુરૂ



**કર્નલ અજય**
**મો. 09414056705**
www.astromoneyguru.com

સૂર્ય તરીકે ઓળખાતો ગ્રહ ૧૦ના આંકડાનું પ્રતિનિધિત્વ કરી રહેલ છે. ઓક્યોબર ૨૦૧૧ આ વર્ષનો દશમો માસ છે, જેનું પ્રતિનિધિત્વ સૂર્ય કરીરહેલ છે અને વર્ષે ૨૦૧૧નું પ્રતિનિધિત્વ રાહુ કરી રહેલ છે. આર્થિક જ્યોતિષ મુજબ સૂર્ય અને રાહુ એક બીજાના વિરોધી ગ્રહ છે. સૂર્ય હંમેશાં સીધી ગતિમાં ચાલતો હોય છે જયારે રાહુ હંમશાં ભ્રમણમાં નીચનો રહે છે, સૂર્ય ગ્રહણ રાહુ અને સૂર્યના સંયોજનથી પણ થાય છે. આ સંયોજન વિશ્વનાં કોમોડીટી બજારમાં ભારે ચંચળતાને દોરવણી આપી શકે. ઓક્ટોબર ૨૦૧૧ના પ્રથમ સપ્તાહમાં સોના-રૂપામાં નબળાઈ જોવા મળી શકે, ખાસ કરીને સોનું નીચે તરફ ગતિ દર્શાવે. ગ્રહોના સંકેત મુજબ ઓકટોબર, ૨૦૧૧ ના પ્રથમ સપ્તાહમાં સોનામાં ભારે વેચવાલીનું દબાણ જોવા મળે તેવી અપેક્ષા છે, જયારે આ માસના બીજા અને ત્રીજા માસમાં મજબૂત બાઉન્સની અપેક્ષા છે. ભારતીય બજારોમાં અમારી સોના અંગેની કરેલ આગાહી ફરી એક વાર સાચી પુરવાર થયેલ છે. મે અગાઉથી એવી ભવિષ્યવાણી કરેલ કે આંતર રાષ્ટ્રીય બજારોમાં સોના અને ચાંદીમાં માં એકાએક પ્રોફીટ બુકીંગ જોવા મળશે, જયારે ચલણી નાણાના બજારમાં યુ એસ ડોલર પણ યુરો સામે સારી એવી મજબૂતાઈ દર્શાવશે. આ અગાઉથી કરેલ આગાહી પણ સાચી પૂરવાર થયેલ છે. આશા રાખું છું કે બધા જ વાચકોએ શેરમાં અને કોમોડીટીમાં સારો એવો નફો કર્યો હશે. ભારતીય શેર બજારોમાં ભારે ચંચળતા હોવા છતાં બધા જ ભલામણ કરેલ શેર દ્વારા ઉર્ધ્વગતિ દર્શાવવામાં આવી હતી.

આર્થિક જયોતિષ મુજબ આ માસનો અગત્યનો ગ્રહ સૂર્ય બુધ અને શુક્ર સાથે જોડાણ કરી રહેલ છે જયારે માસના ઉત્તરાર્ધમાં સૂર્ટ શનિ સાથે જોડાણ કરી રહેલ છે. આ સમન્વય કોમોડીટી બજારમાં ભારે ચંચળતાને દોરવણી આપી શકે. એક ખૂબ જ અગત્યની કોમોડીટી ક્રુડ ઓઈલ કે જે કાળા સોના તરીકે ઓળખાય છે તે પણ ઓકયોબર ૨૦૧૧ના ત્રીજા સપ્તાહ દરમ્યાન ઉર્ધ્વગતિ દર્શાવી શકે. જેની અસરો ચલણી નાણાંના બજાર પણ જોઈ શકાય. ટૂંકા ગાળાના રોકાણકારો ક્રુડ ઓઈલ પર ખાસ નજર રાખે.

ઓકયોબર ૨૦૧૧ નો માસ, આર્થિક જયોતિષ મુજબ મિથુન, તુલા અને કુંભ રાશી માટે ખૂબ અગત્યનો છે. જયાં સુધી શનિ, શુક્ર અને બુધનો ગ્રહ સૂર્ય સાથે જોડાણ ધરાવે છે, આ જોડાણ આ માસના ઉત્તરાર્ધમાં નાણાકીય ચિંતાઓને વેગ આપે. તુલા રાશી ધરાવતા રોકાણકારો ટ્રેડીંગમાં સાવચેત રહે અને મહત્વના ગ્રહ શનિ જયારે કન્યા અને તુલા રાશીમાં આવે ત્યારે તેઓ ધંધામાં નાણાકીય ક્ષેત્રે તેમ જ સ્વાસ્થ્ય મોરચે મુશ્કેલી અનુભવે.

જયારથી મહત્વનો ગ્રહ બુધ ખૂબ સારી સાનુકૂળ પરિસ્થિતિમાં છે ત્યારથી કન્યા રાશી વાળા માટે સાનુકૂળ ભવિષ્ય રાહ જોઈ રહેલ છે. રોકાણકારો ગૃહ સંપત્તિ સર્જવા માટે, શેર અને કોમોડીટીમાં વ્યાપાર કરવા માટે સારી સાનુકૂળતા મેળવે.

## સરસવ અને ગવારમાં મંદી

સન ૨૦૧૧ના ઓક્ટોબર મહિનાના પ્રથમ સપ્તાહનું પ્રતિનિધિત્વ સૂર્ય ગ્રહ કરે છે સૂર્ય, બુધ, શુક્ર અને શનિ ચાર ગ્રહોની યુતિ કન્યા રાશીમાં બની રહેલ છે. ગુરૂ ગ્રહ અગ્નિ પ્રધાન રાશીમાં વક્રી અવસ્થામાં વિચરણ કરી રહેલ છે. બુધ અને શનિ ગ્રહ સૂર્યનાં પ્રભાવથી અસ્ત અવસ્થામાં છે. આ બધી જ ગ્રહોકીય સ્થિતિ વિશ્વ વાયદા બજારો માટે ઉત્તમ નથી. ભારતીય મુદ્રા રૂપિયો વારંવાર નબળો પડતા નિર્યાતકો માટે લાભદાયી રહી શકે અમારા ગયા અંકના લેખમાં અને ક્રૂડ ઓઈલમાં કમજોરીની ભવિષ્યવાણી કરેલ હતી તે સત્ય સાબિત થયેલ છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કોમોડીટી બજારોમાં ગયા સપ્તાહે એક તરફી નબળાઈ જોવા મળી હતી. આશા છે કે વાચકોએ અમારી ભવિષ્યવાણીથી પૂરેપૂરો લાભ ઉઠાવ્યો હતો. ભારતીય જ્યોતિષિય માધ્યમથી મોનસૂન પાક ઉત્પાદન, રાજકીય ઉતાર ચઢાવ અર્થ વ્યવસ્થા, કોમોડીટી અને શેર બજારની ભવિષ્યવાણી સંભવ છે.

આ સપ્તાહે ગ્રહોકીય સ્થિતિ અનુસાર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કોમોડીટી બજારોમાં બુલીયન મેટલ અને ક્રૂડ ઓઈલ, સરસવમાં જબરજસ્ત હલચલની શક્યતાઓ રહે છે. પ્રમુખ પાક સરસવમાં મંદીની શક્યતાઓ જોઈ શકાય છે. હવે રોકાણકારો અને ખેડૂતો તેલીબીયા અને સરસવ પર વિશેષ ધ્યાન રાખી શકે છે. રાજસ્થાનનો વિશ્વ પ્રસિધ્ધ થયેલો પાક ગવારમાં પણ મંદીની શક્યતાઓ આ સપ્તાહે જોવા મળી શકે જેથી વાયદા બજારમાં યોગ્ય સમયે પ્રોફીટ બુકીંગ કરી બહાર નીકળી જવું.

ભારતીય શેર બજારમાં ઉતાર-ચઢાવ જોવા મળશે, બેંકીંગ, ઓઈલ અને ગેસ મેટલ વગેરે સેકટરમાં દબદબો જોવા મળી શકે. જ્યારે ફાર્મા સેકટર, રીટેલ સેકટર પણ નીચા સ્તરે ખરીદદારી કરી શકાય.

ગ્રહોકીય સ્થિતિ અનુસાર ઓક્ટોબર મહિનો વર્ષનો દસમો મહિનો છે અને દસનો અંક હંમેશા ઉતાર-ચઢાવ ભર્યો હોઈ શકે. તેમજ ૧, ૧૦, ૧૯ કે ૨૮ તારીખે જન્મ લેવાવાળા રોકાણકારો પર વિશેષ પ્રભાવ પડવાની શક્યતાઓ છે માટે વધુ સાવધાની રાખવી જરૂરી છે આ સપ્તાહ મેષ અને વૃશ્ચિક રાશીનાં સ્વામી મંગળ અને ગુરૂ તેમજ શનિ ગ્રહ શુભ ફળ આપવા માટે સક્રિય રહી શકે.

ઉપરોક્ત બધી ભવિષ્યવાણી અંક જયોતિષ અને જેમિની જયોતિષ આધારિત છે. નફો-નુકસાન તો રોકાણકારની જન્મ પત્રિકામાં રહેલા ગ્રહ સ્થિતિ પર આધારિત હોય છે. વાયદા બજારમાં જોખમનું નિદાન કરવું હંમેશા ઉત્તમ ફળદાયી રહેશે.

Printed, Published and Owned by Mrs. DEVLAXMI N. JOSHI and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380063. Editor- Mr. NARENDRA JOSHI. PH :-079-27451449, (M) 9825065387